
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-3 * Issue-10
AUGUST-2003
શ્રાવણ
ઓગસ્ટ-૨૦૦૩
આત્મ સંવત : ૧૦૭
વીર સંવત : ૨૫૨૯
વિક્રમ સંવત : ૨૦૫૯
પુસ્તક : ૧૦૦

यत्नः साध्यानुकुलश्चेत् संजायेत फलेग्रहिः ।
अन्यथा तु भवत्येव निष्फलो दुष्फलोऽथवा ॥

*

પ્રવૃત્તિ જો સાધ્યને અનુકૂળ હોય તો સફલતાને વરે છે, નહિ તો—અવળી પ્રવૃત્તિ નિષ્ફલ જાય છે યા બુરું પરિણામ નિપજાવે છે. ૨

*

An effort if directed to the aim, fructifies otherwise becomes fruitless or troublesome only. 2.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૨, પૃષ્ઠ-૧૫૯)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીતરાગથી વડો ન કોઈ દેવ,
મુક્તિથી મોટું ન કોઈ પદ.
શત્રુંજયથી મોટું ન કોઈ તીર્થ,
ક્ષમાથી મોટું ન કોઈ તપ.

આજેય આ કલિકાલમાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ આંગણે આવે ત્યારે જિનેશ્વર ભગવાનના સેવકોના હૈયામાં ધર્મભાવના હિલોળા લે છે. આત્મશુદ્ધિના આ પાવનકારી પર્વમાં જૈનકુળમાં જન્મેલી એકે એક વ્યક્તિ આબાલ-વૃદ્ધ, અમીર-ગરીબ બધા જ યથાશક્તિ, યથામતિ તપ, ત્યાગ, દાન, સેવા, સ્વાધ્યાય, પૂજા, અર્ચના કરવા થનગને છે. હૈયે હૈયે ઉત્સાહ છે, ઘરેઘર ઉત્સવ છે. ધર્મ માંગલ્યના આ આઠ દિવસોમાં સંસારચક્રની આધિ-વ્યાધિ-ઉપાધિ વિસરી જવાય છે.

ક્ષમામૂર્તિ વીરપ્રભુએ આજ્ઞા કરી છે કે તું ધર્મના બીજા અંગોનું પાલન ન કરી શકે તો ચાલશે પણ ક્ષમાધર્મનું પાલન અવશ્ય કરજે. ક્ષમાધર્મનો આરાધક જ જિનશાસનનો સાચો આરાધક છે.

આત્માને ઉજ્જ્વલ બનાવવાના આ અમૂલ્ય અવસરે ક્ષમામૂર્તિ વીર પ્રભુની સાક્ષીએ આપણે જૈન સાધર્મિકો હૃદયપૂર્વક ક્ષમાધર્મનું પાલન કરી જિનશાસનના સાચા સેવક બનીએ.

ક્ષમાપનાના આજના આ પુણ્ય પ્રસંગે હૃદયના શુદ્ધભાવોથી
નરેશભાઈ નેમચંદભાઈ શાહ સહપરિવાર-સુરત
અંતઃકરણપૂર્વક ક્ષમા પ્રાર્થે છે અને
ભાવપૂર્વક ક્ષમા આપે છે.

**મિચ્છામી દુક્કડમ્**


# અભિષેક એક્સપોર્ટ

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ

(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ

(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી

(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી

(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી

(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.


* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા

(૧) એક તેજસ્વી નક્ષત્રનો પ્રકાશ
—પ્રમોદકાંત ખીમચંદ શાહ ૨

(૨) આંતરશુદ્ધિનો અપૂર્વ અવસર : પર્યુષણ પર્વ
—કુમારપાળ દેસાઈ ૬

(૩) પ્રતિક્રમણને ઓળખીએ તો પણ કયાં ?
—ચંદ્રહાસ ત્રિવેદી ૧૦

(૪) અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૯)
—કાંતિલાલ દીપચંદ શાહ ૧૨

(૫) પર્યુષણના પાંચ કર્તવ્યો
—ડૉ. કુમારપાળ દેસાઈ ૧૫

(૬) સં. ૨૦૫૯ના ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરુ ભગવંતો ૧૭

(૭) સત્કાર્યો સંપત્તિથી ય મૂલ્યવાન છે
—ગણિરાજરત્નવિજયજી ૨૧

(૮) શ્રી ભદ્રબાહુસ્વામી અને પાદલિપ્તસૂરિ
—કુમારપાળ દેસાઈ ૨૨

**આ સભાના નવા પેટ્રન મેમ્બર**

**શ્રી નરેશભાઈ નેમચંદભાઈ શાહ**

**અભિષેક એક્સપોર્ટ સુરત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક તેજસ્વી નક્ષત્રનો પ્રકાશ

—પ્રમોદકાંત ખીમચંદ શાહ

[ પ.પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૫૦મી સ્વર્ગારોહણ તિથિ (સંવત ૨૦૫૯ના ભાદરવા સુદ-૧૦ના રોજ) નિમિત્તે ગુણાનુવાદ. ]

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જન્મ વિક્રમ સંવત ૧૯૨૭ના કારતક સુદ બીજના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ દીપચંદભાઈ તથા માતુશ્રીનું નામ ઇચ્છાબાઈ હતું. તેમનું પોતાનું નામ છગનલાલ હતું. શ્રી દીપચંદભાઈને ચાર દીકરા અને ત્રણ દીકરીઓ હતી. ચાર દીકરામાં છગનલાલ ત્રીજા નંબરના હતા.

માતા-પિતા ધર્મના રંગે પૂરા રંગાયેલા હતા. માતા-પિતાની ધર્મભાવનાનો પ્રભાવ આખા કુટુંબ ઉપર અને બધા સંતાનો ઉપર વિસ્તરી રહેતો. ધન-વૈભવ મળે કે ન મળે એ ભાગ્યની વાત છે, પણ ધર્મ ધનને મેળવવું એ તો માનવીના પોતાના હાથની વાત છે. માતા-પિતાનું સરળ, સાદુ, નિર્મળ, ધર્મપરાયણ જીવન જાણે સંતાનોને આ જ બોધ આપતું, પરંતુ માતા-પિતાની છત્રછાયા લાંબો સમય ન ટકી. પહેલા દીપચંદભાઈનું અવસાન થયું પછી માતા ઇચ્છાબાઈ પણ સ્વર્ગે સીધાવી ગયા. તે વખતે છગનની ઉંમર ૧૦-૧૨ વર્ષની હતી. માતાની છેલ્લી ઘડીઓ ગણાતી હતી, બાળક છગન દીન-દુઃખી બનીને માતા પાસે બેઠો હતો. તેને તો પોતાની આખી દુનિયા રોળાઈ જતી લાગતી હતી. માતાએ તેને આશ્વાસન આપતાં કહ્યું "બેટા, અર્હંતનું શરણ સ્વીકારજે અને અનંત સુખના ધામમાં પહોંચાડે એવા શાશ્વત ધર્મધનને મેળવવામાં અને જગતના જીવોનું કલ્યાણ કરવામાં તારું જીવન વિતાવજે." આ ધર્મ બોધના શબ્દો એના અંતરમાં સદાને માટે કોતરાઈ ગયા. માતાના એ ઉદ્‌ગારો જ જાણે એનો જીવનમંત્ર અને જીવનનો આધાર બની ગયા.

છગનની બુદ્ધિ તેજસ્વી હતી. શાણપણ, ઠાવકાઈ અને કોઈનું પણ કામ કરી છુટવાની પરગજુ ભાવનાની બક્ષિસ તેને મળી હતી તેમ જ ભક્તિની ગંગા તેના રોમેરોમને પાવન કરતી હતી.

છગનને ભણવું હોય તો આગળ અભ્યાસ કરવાની તેમ જ વેપારમાં જોડાવું હોય તો જોડાવાની તક હતી. પરંતુ તેની ઝંખના કંઈક જુદી જ હતી. માતાની આજ્ઞાનું પાલન કરીને સંયમ અને તપની આરાધનાની મુડીના બળે ધર્મ ભાવનાના સોદાગર બનીને જીવનને ધન્ય બનાવવાની હતી. એને તો દેવમંદિર, ઉપાશ્રય વહાલા લાગે, સંતોની સેવાના સ્વપ્નો આવે અને ગુરુમુખેથી ધર્મની નિર્મળ વાણીનું પાન કરવું ગમે. ન માયા-મમતાના બંધન, ન પૈસા ટકાની પરવા, ન ઘર વ્યવહારની જંજાળ. છગનનું જીવન ઘરમાં જળકમળ જેવું બની રહ્યું અને એનું અંતર સંયમ-વૈરાગ્યને ઝંખી રહ્યું; ક્યારે એ ધન્ય ઘડી આવે અને ક્યારે એના ધર્મ વાત્સલ્યના મહાસાગર ગુરુના ચરણોનું શરણ મળે?

વિક્રમ સંવત ૨૦૪૨માં ૧૫ વર્ષની વયે, એમને વડોદરામાં શ્રી આત્મારામજી મહારાજની વૈરાગ્યભરી ધર્મવાણી સાંભળવાનો અવસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યો. એ વાણી છગનના અંતરને સ્પર્શી ગઈ. એ ધર્મનાયકમાં છગનને પોતાના ઉદ્ધારકના દર્શન થયા. ત્યાગમાર્ગનો સ્વીકાર કરીને માતાની અંતિમ આજ્ઞાનું પાલન કરવા એનું અંતર તલસી રહ્યું. છગને મનોમન એ સાધુ પુરૂષને પોતાના હૃદય સિંહાસન ઉપર બિરાજમાન કરી દીધા.

એક દિવસ શ્રી આત્મારામજી મહારાજની ધર્મદેશના પૂરી થઈ, શ્રોતાઓ બધા વિદાય થયા પણ છગન તો ત્યાં જ બેસી રહ્યો. આજે પોતાના અંતરની વાત પોતાના ગુરુને કહેવાનો એણે નિશ્ચય કર્યો હતો.

આત્મારામજી મહારાજે મમતાથી પૂછ્યુ : "ભાઈ બધા તો ચાલ્યા ગયા અને તું હજી કેમ બેસી રહ્યો છે? તારે શું જોઈએ છે?"

સંતના વાત્સલ્યની વર્ષાથી જાણે છગનની લાગણીનો બંધ છૂટી ગયો. એની વાણી સીવાઈ ગઈ અને તેના અંતરની લાગણીઓ આંસુરૂપે વહેવા લાગી. છગન એ સંત પુરૂષના ચરણને આંસુનો અભિષેક કરી રહ્યો.

આત્મારામજી મહારાજે એને હેતથી બેઠો કરી પૂછ્યું : "બાળક, સ્વસ્થ થા અને વિના સંકોચે તારૂં દુઃખ કહે...શું તારે ધનનો ખપ છે?

છગને સંતની ચરણરજ શીરે ચડાવી કહ્યું 'હા'

"કેટલા પૈસા જોઈએ તારે" સંતે પૂછ્યું.

"ઘણા" છગને ટૂંકમાં જવાબ આપ્યો.

"વત્સ! તું જાણે છે કે અમે પૈસો નથી રાખતા, કોઈને આવવા દે"

સંતે કહ્યું.

કોઈ ઉજ્જવળ ભાવી બોલાવતું હોય એમ છગને શાંતિથી વિનંતી કરી "મહારાજજી મારે એવું ધન નથી જોઈતું. મારે તો આપની પાસે જે અખૂટ ધન છે તે જોઈએ. જે અનંત સુખને અપાવે એવું ધન જોઈએ. મને દીક્ષા આપવાની કૃપા કરો." જાણે માતાની અંતિમ આજ્ઞા છગનની વાણીરૂપે પ્રગટ થતી હતી.

આત્મારામજી મહારાજે જોઈ લીધું કે દીક્ષાની ભિક્ષા માગનાર વ્યક્તિમાં ભક્તિ, શક્તિ અને બુદ્ધિનો ત્રિવેણી સંગમ સધાયેલો છે અને તેનું ભાવી ઘણું જ ઉજ્જવળ છે, શાસનને પણ એનાથી લાભ થવાનો છે; પણ તેઓ વિચક્ષણ, સમ્યજ્ઞ, સમતાળુ, શાણા, દીર્ઘદર્શી પુરૂષ હતા; એમણે ઉતાવળ ન કરતાં છગનના મોટાભાઈ તેમ જ કુટુંબીજનોની અનુમતિથી દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. અનુમતિ મેળવવી સહેલી ન હોતી. મોટાભાઈ ખીમચંદનું મન કોઈ રીતે માને નહી; એ તો વિરોધ કરી બેઠા. છગનના થોડાક મહિના કસોટીમાં વિત્યા. છગને એ સમય ધર્માભ્યાસમાં અને દેવ–ગુરૂની સેવામાં વિતાવીને પોતાનો વૈરાગ્ય સાચો અને દૃઢ હોવાની સૌને ખાતરી કરાવી આપી, અને છગનની ઉત્કટ ઝંખના સફળ થઈ. વિક્રમ સંવત ૨૦૪૩ના વૈશાખ સુદિ ૧૩ના રોજ ધર્મનગરી રાધનપુર શહેરમાં આચાર્યશ્રી આત્મારામજી મહારાજે છગનને ત્યાગ ધર્મની દીક્ષા આપી, એમને પોતાના પ્રશિષ્ય મુનિશ્રી લક્ષ્મીવિજયજીના શિષ્ય મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય બનાવ્યા અને નામ આપ્યું મુનિ વલ્લભવિજય.

મુનિશ્રી વલ્લભવિજયજી કહેતા હતા કે મારા જીવનના મુખ્ય ત્રણ આદર્શો છે; એમાં પહેલું આત્મસંન્યાસ, બીજી જ્ઞાનપ્રચાર અને ત્રીજું શ્રાવક–શ્રાવિકાઓનો ઉત્કર્ષ.

મુનિશ્રી વલ્લભવિજયજીએ શરૂઆતથી જ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષજ્યોતિષ, ચરિત્રો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમગ્રંથો અને ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં મનને પરોવી દીધું હતું. મુનિશ્રી વલ્લભવિજયજીનું મન જેમ વિદ્યા અધ્યયન માટે તલસતું રહેતું તેમ વિદ્યાના પ્રચાર માટે પણ ખૂબ ઉત્સુક રહેતું. માનવીને સાચો માનવી બનાવવાનું ખરૂં સાધન જ્ઞાન જ છે તેમ તેઓ માનતા હતા. જેથી તેમના સદ્દુપદેશથી દેશમાં ઠેર ઠેર શાળા, મહાશાળા, પાઠશાળા, ધર્મશાળા, વિદ્યાલયો વિગેરે સ્થાપાયા. મુંબઈ, અમદાવાદ, પૂના, વડોદરા, ભાવનગર, વલ્લભવિદ્યાનગર વિગેરે સ્થાળોએ મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. જેમાં બહારગામથી ઉચ્ચ કેળવણી લેવા આવતાં જૈન વિદ્યાર્થીઓને રહેવા-જમવાની ઉત્તમ સગવડ કરી, જેની સહાયથી હજારો જૈનો ડૉક્ટર, વકીલ, એન્જિનીયર બન્યા અને ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું છે. આ રીતે જ્ઞાનની નાની-મોટી પરબોની સ્થાપના થઈ અને એ રીતે સમાજમાં જ્ઞાનની પ્રવૃત્તિ વિકસી અને આજે પણ જ્ઞાનની આ પરબો સુવ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

આચાર્ય મહારાજની સુધારક દૃષ્ટિ કેવી મધ્યમ માર્ગી, વિવેકી અને વ્યવહારૂ હતી તે તેઓના શબ્દોમાં જોઈએ. વિ.સં. ૨૦૦૫માં બામણવાડા તીર્થમાં મળેલ પોરવાડ સમ્મેલનમાં તેઓએ કહેલું કે "સમાજમાં સુધારાઓ એવી રીતે દાખલ થવા જોઈએ કે જેથી કોઈને અપચો ન થાય. સુધારાઓ કોઈને માથે ઠોકી બેસાડાય નહી. સુધારાનો અમલ એવી રીતે થવો જોઈએ કે જેથી સમાજનો ઘણો ખરો વર્ગ તેનો સ્વીકાર કરે અને કાર્ય સફળ થઈ જાય."

વિવેક, વાત્સલ્ય અને વિનયની રત્નત્રયી આચાર્યશ્રીના સાધુ જીવનમાં એવી એકરૂપ બની ગઈ હતી કે એમના વિચાર, વાણી અને વર્તનમાં અભદ્રતાનો અંશ પણ જોવા ન મળતો. આથી જ તેઓ સમતા અને સ્વસ્થતાપૂર્વક નિર્મમપણે સંયમની આરાધના કરી શકતા હતા.

વિક્રમ સંવત ૧૯૭૬માં આચાર્યશ્રીની નિશ્રામાં કેસરિયાજીનો સંઘ ઉદેપૂર પહોંચ્યો. શહેરમાં આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ બિરાજતા હતા. વિહાર કરવાની ઉતાવળ હતી, પણ મહારાજશ્રીએ તેઓને સુખશાતા પૂછવાનો વિવેક ન ચૂક્યા. વખત ઓછો હતો છતાં બન્ને આચાર્યોએ દોઢ કલાક સુધી વાતો કરી. છુટા પડતાં આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબે કહ્યું : વલ્લભવિજયજી, મને નહોતું લાગતું કે તમે આ રીતે સજ્જનતા દાખવશો અને શિષ્ટાચાર પાળશો. મારા મનમાં તમારા માટે ઘણું ભર્યું હતું. પણ તમારા આ આનંદમય પરિચયથી એ બધું નીકળી ગયું."

આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજી મ. ગરીબોના બેલી હતા અને સમાજના મધ્યમ અને ગરીબ વર્ગ માટે ઊંઘ અને આરામનો વિચાર વેગળો મૂકીને આખી જિંદગી સુધી તેઓ ચિંતા અને પ્રયત્ન કરતાં રહ્યા હતા. સમાજના મધ્યમ અને ગરીબ વર્ગના સાધર્મિક ભાઈઓ-બહેનોને બે ટંક ખાવાનું પણ નથી મળતું. તેઓને જમાડીએ, પરંતુ કેવળ ભોજન કરાવવું એ જ સાચું સાધર્મિક વાત્સલ્ય નથી; સાચું સાધર્મિક વાત્સલ્ય તો એ છે કે જે બેકાર હોય એને કામે લગાડવામાં આવે જેથી તેઓ પોતાનો અને પોતાના કુટુંબનો સારી રીતે નિર્વાહ કરી શકે, તેમ તેઓશ્રી કહેતા.

જૈન પરંપરાએ તેમ જ જૈન શાસ્ત્રોનો દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ઉપેક્ષા નહીં પણ રાષ્ટ્ર તરફની પોતાની ફરજ બજાવવાનું જ કહ્યું છે અને રાષ્ટ્ર ભાવનાને ક્યારેય આત્મસાધનની વિરોધી

(અનુસંધાન માટે જુઓ પાનુ-૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ✻ ક્ષમાપના ✻

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના પ્રકાશન કરતાં કે અન્ય કોઈ પ્રસંગોપાત વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન–વચન–કાયાથી કોઈ પણનું દિલ દુભાવ્યું હોય તો સંવત્સરીના આ મહા પર્વે ખરા હૃદયથી ક્ષમાયાચના કરીએ છીએ. મિચ્છામી દુક્કડમ્.

*—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.*




**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૨૪૨૯૦૦૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૨૨૧૨૫૩૦, વડવાપાનવાડી–૨૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૨૫૬૫૯૬૦, ભાવનગરપરા-૨૪૪૫૭૯૬, રામમંત્રમંદિર-૨૫૬૩૮૩૨, ઘોઘારોડ-૨૫૬૪૩૩૦, શિશુવિહાર-૨૪૩૨૬૧૪

**સલામત રોકાણ** **આકર્ષક વ્યાજ**

| ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૬.૫ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા |

| ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|
| ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૮.૦ ટકા |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૫ ટકા |

૯૯ માસે રૂા. ૧૦૦૦/-ના રૂા. ૨૦૦૨/- મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

| | | |
|---|---|---|
| મનહરભાઈ એચ. વ્યાસ | વેણીલાલ એમ. પારેખ | નિરંજનભાઈ ડી. દવે |
| જનરલ મેનેજર | મેનેજિંગ ડિરેક્ટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આંતરશુદ્ધિનો અપૂર્વ અવસર : પર્યુષણ પર્વ

—*કુમારપાળ દેસાઈ*

**સંસારના સારને સમજવો સહેલ નથી. સમજીને આદરવો તો અતિ મુશ્કેલ છે!**

અર્થાત્ સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું અને એ જ્ઞાનમાં ક્રિયા ભેળવવી મુશ્કેલ છે. એ મુશ્કેલ કામને જે આસાન કરી શકે તે આ સંસારમાં શાંતિ, કરૂણા, ઐક્ય ને મૈત્રી હાંસલ કરી શકે છે! મૈત્રી સાધનારને મુક્તિનો માર્ગ જડી જાય છે!

જૈનશાસ્ત્રોએ આ મુક્તિરૂપી માળામાં જવા માટે આત્મારૂપ પંખીની બે પાંખો બતાવી છે. એક જ્ઞાન અને બીજી ક્રિયા!

આ જ્ઞાન અને ક્રિયાનું પર્વ એટલે પર્યુષણા પર્વ. પર્યુષણ પર્વનો મુખ્ય દિવસ સંવત્સરીનો–ભાદરવા સુદ ચોથનો–બાકીના સાત દિવસો સૂર્યની આસપાસ ફરતાં નક્ષત્રો જેવાં છે! સાત દિવસની સાધના સંવત્સરી પર્વની સિદ્ધિ માટે થાય છે!

સાધુઓ માટે નિર્મિત આચારના દશ કલ્પમાંનો એક કલ્પ પર્યુષણા છે ને એનો અર્થ વર્ષાવાસ છે. અલબત્ત યૌગિક રીતે અર્થ કરતાં ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોને તજી આત્માની નજીક વસવું એવો થાય છે. ને બંને અર્થ બંને રીતે યથાર્થ છે!

વર્ષાઋતુ ભારતમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. મોટાં મોટાં પર્વો આ ઋતુમાં આવે છે અને અનેક મુશ્કેલીઓના કારણે સાધુઓ, ભક્તો તથા અન્યજનો વર્ષામાં પ્રવાસે સંચરતા નથી ને પોતાના સ્થાનમાં રહી ધર્માચરણ સાધે છે.

પ્રથમ અને ચોવીસમા તીર્થંકરના યુગના લોકમાં ભિન્નતા એટલી છે કે પ્રથમ તીર્થંકરના લોકને જ્ઞાન દુર્લભ છે, જ્યારે ચોવીસમા તીર્થંકરના યુગવાસીઓની જ્ઞાન સુકર છે–પાલન દુષ્કર છે!

આ બે તીર્થંકરોના યુગના સાધુઓ માટે દશ પ્રકારનો કલ્પ બતાવવામાં આવ્યો છે. આ આખું આચારશાસ્ત્ર છે ને તેમાં તેઓએ દશ નિયમો કલ્પો દર્શાવ્યા છે!

(૧) અચેલક કલ્પ : શ્વેત, પરિણામવાળાંને જીર્ણપ્રાયઃ વસ્ત્ર ધારણ કરવાં, વસ્ત્ર પહેર્યાં છતાં લોકોને લાગે કે જાણે વસ્ત્ર છે જ નહિ એવાં નગણ્ય વસ્ત્રો ધરવાં.

(૨) ઉદ્દેશક કલ્પ : સાધુએ પોતાના નિમિત્તે બનાવેલો આહાર ન લેવો.

(૩) શય્યાતરકલ્પ : જેને ત્યાં સાધુએ આશ્રય લીધો હોય, તેનાં ખાન–પાન કે વસ્ત્ર સાધુને ખપે નહિ.

(૪) રાજપિંડ : રાજા, સેનાપતિ, પુરોહિત કે પ્રધાનના ઘેરથી ભિક્ષા ન લાવવી.

(૫) કૃત્તિકર્મકલ્પ : જન્મથી વડીલપણું નહિ, પણ દીક્ષાકાળથી વડીલપદ સ્વીકારવું.

(૬) વ્રતકલ્પ : ચાર વ્રતને બદલે પાંચ વ્રત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સ્વીકારવાં.

(૭) જયેષ્ઠ કલ્પ : દીક્ષા સ્વીકારવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ, પણ ઘડી દીક્ષાથી લઘુગુરુનો સ્વીકાર કરવો.

(૮) પ્રતિક્રમણકલ્પ : રોજ દોષ લાગે કે ન લાગે, પણ પ્રાયશ્ચિતરૂપ પ્રતિક્રમણ કરવું.

(૯) માસકલ્પ : એક મહિનાથી ક્યાંય વિશેષ ન રહેવું.

(૧૦) પર્યુષણા કલ્પ : ચોમાસામાં એક સ્થળે રહેવું.

ચોમાસુ રહેલા–પર્યુષણા કલ્પવાળા સાધુએ પાંચ દિવસ માટે માંગલિક કરનાર કલ્પસૂત્ર વાંચવુ ને અન્ય સહુ કોઈએ સાંભળવું, એવો પણ નિયમ છે.

પર્યુષણા પર્વને સાર્થક કરવા માટે કેટલાંક કાર્યો બતાવવામાં આવ્યાં છે. એમાં દરેકે તપ કરી મનશુદ્ધ કરવું; મનશુદ્ધ કરી વાર્ષિક દોષોની ખતવણી કરતું સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું અને જગતના તમામ જીવોને મન, વચન અને કાયાથી ખમાવવા–ક્ષમા આપવી અને લેવી : આ સાથે દેવદર્શન ને ગુરુવંદન પણ કરવું.

જૈન સાધુઓમાં આ વર્ષાવાસનું પર્યુષણાનું ખાસ મહત્ત્વ છે અને એ 'ચોમાસા'ના નામથી ઓળખાય છે. દિવસોની અધિકતા યા અલ્પતાથી જ ધન્ય, મધ્યમ ને શ્રેષ્ઠ એમ ચોમાસાના પ્રકારો પડે છે. એમાં ભાદરવા સુદ ચોથથી આરંભાતું ચોમાસું સિત્તેર દિવસનું લખાય છે. અસાડ સુદ ચૌદશથી શરૂ થતું ચાતુર્માસ કારતક સુદ ચૌદશે પુરું થાય છે અને તે ઉત્કૃષ્ટ લેખાય છે. મધ્યમ પ્રકારનું ચોમાસું છ માસનું હોય છે.

પણ આ બધા દિવસોમાં ભાદરવા સુદ ચોથનો દિવસ મુખ્ય લેખાય છે, ને તે સંવત્સરી તરીકે ઓળખાય છે.

સંસાર ભિન્ન ભિન્ન પ્રકૃતિનો મેળો છે. યુગ પોતાની ભલી–બૂરી ખાસિયત સાથે ઊગે છે. આ પ્રમાણે જૈનોએ પુરાણકાળમાં થયેલા પોતાના પ્રથમ તીર્થંકરથી લઈ છવીસસો વર્ષ પહેલાં થયેલા ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના યુગને ત્રણ પ્રકારની માનવપ્રકૃતિમાં વહેંચી નાખ્યો છે!

પહેલા તીર્થંકરના યુગની માનવમનની પ્રકૃતિ ઋજુ અર્થાત્ સરળ અને જડ એટલે અજ્ઞાની એમ વર્ણવી છે.

બીજા તીર્થંકરથી તેવીસમાં તીર્થંકર પાર્શ્વ-નાથના યુગ સુધીની માનવ પ્રકૃતિ સરળ, ઋજુ અને પ્રાજ્ઞ એટલે વિવેકી કહી છે.

ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના યુગની માનવમનની પ્રકૃતિ વક્ર અને જડ કહી છે!

આ રીતે યુગવાર માનવમન–પ્રકૃતિમાં ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીર સ્વામીના યુગના નિયમો–કલ્પો લગભગ એક સરખા બતાવવામાં આવ્યા છે. જ્યારે બીજાથી ત્રેવીસમા તીર્થંકરના સમયમાં માણસો સરળ અને પ્રાજ્ઞ હોવાથી નહિવત કલ્પો બતાવવામાં આવ્યા છે, કારણ કે તેઓ દોષને દોષ રૂપે ને ગુણને ગુણ રૂપે જાણનારા ને આચરનારા છે.

આજે ભય અને હિંસાનું પ્રાધાન્ય સ્થપાઈ રહ્યું છે. સંસારની સમગ્ર શક્તિઓ અને વસ્તુઓનો મોટો ભાગ ભય ઉપજાવવામાં અને હિંસા કેળવવા પાછળ ખર્ચાઈ રહ્યો છે. એક બૉમ્બ લાખો ગરીબોનું એક ટંકનું જમણ જમી જાય છે. એ જમણ બંધ થાય તો જ દુનિયા સુખી થાય.

આ ભય અને હિંસા છે તેની સામે પ્રેમ અને અહિંસા મૂકવાનાં છે, પણ નબળા હાથે એ રજૂ થઈ શકે તેમ નથી, કારણ કે એ વીરોની વસ્તુઓ છે. દરવાજા હાથીઓ તોડી શકે છે. ઊંટ તો આડા ધરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારનું ચિત્ર એક ભયંકર આગનું છે. ક્યાંક યુદ્ધની આગ છે, ક્યાંક ભૂખની આગ છે, ક્યાંક મોટાઈની ને સત્તાની આગ છે. આજ કોઈ દેશ કે માનવી ગમે તેટલો આગળ વધ્યો હોય તોય શીતળતાનો અનુભવ કરતું નથી. દરેક સ્થળે ત્રાહિમામ્ ને ત્રાહિમામ્ સંભળાય છે. એ તમામ હાયકારાઓમાંથી છૂટકારાનો ઉપાય આત્માની ખોજમાં છે. પ્રેયના અને શ્રેયના, નશ્વર અને વિનશ્વરના વિવેકમાં છે.

સંસારનો સંગ્રામ તો સંતાપ આવે તેવો છે સતત પ્રવૃત્તિ એ જ માનવીનું જીવન બન્યું છે. એને શાંતિ નથી, એને વિરામ નથી, ક્યાંય ચેન નથી; યંત્ર પણ પળ–વિપળ ધમધમતું બંધ થતું હશે, પણ માનવીના મનને કોઈ વિરામ નથી. એ ચાલતું દેખાતું નથી, છતાં સતત ચાલ્યે જ જાય છે. એ ઊભું નજરે પડે છે, છતાં દોડતું હોય છે. મનને શુદ્ધ કરી વિષયોને જીતવાનો દરેક જૈનનો પ્રયત્ન હોય છે. નિર્મળતા વગર આત્માની સમીપ જઈ શકાતું નથી અને આંતરશુદ્ધિ વિના એનો સંપર્ક સધાતો નથી. *

---

(એક તેજસ્વી નક્ષત્રનો પ્રકાશ....પેજ ૪થી ચાલુ)

જણાવી નથી. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી એક દીર્ઘદર્શી, ગુણગ્રાહી અને રાષ્ટ્રપ્રેમી ધર્મનાયક હતા. તેઓએ એક પ્રસંગે કહ્યું હતું કે "મહાત્મા ગાંધી રાષ્ટ્રના કલ્યાણ માટે જ જીવ્યા હતા. આપણે બધા જૈનો જિનેશ્વરદેવના અનુયાયી છીએ. હિંદુ, મુસલમાન, ઈસાઈ, પારસી વિગેરે બધાએ રાગ–દ્વેષ ઉપર વિજય મેળવવાનો છે. ક્રોધ, માન, માયા, લોભ બધાય પ્રાણીઓમાં છે. એના ઉપર વિજય મેળવવા માટે જ આ મનુષ્ય જન્મ મળ્યો છે. અહિંસાનું પાલન કરવાથી આ મનુષ્યજન્મ સફળ અને ધન્ય બનશે.

અસહકારનો યુગ શરૂ થયો ત્યારથી આચાર્યશ્રીએ ખાદીનો ઉપયોગ શરૂ કર્યો હતો અને પરદેશી વસ્તુઓના મોહમાં ન પડતાં ગમે તેવી પણ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાની જ તેઓ પ્રેરણા આપતા હતા. આચાર્યશ્રી પંજાબમાં અંબાલામાં હતા ત્યારે પંડિત મોતીલાલ નહેરૂનો તેઓશ્રીને ભેટો થયો. વાર્તાલાપ દરમ્યાન આચાર્યશ્રીએ તેમને પૂછ્યું કે તમે દેશને આઝાદ કરવા બહાર પડ્યા છો તો પછી પરદેશી સિગારેટ કેમ પીઓ છો? તરત જ મોતીલાલજીએ સિગારેટ ફેંકી દીધી અને સિગારેટ ન પીવાની પ્રતિજ્ઞા લીધી. પછી પંડિત મોતીલાલ નહેરૂએ એક જાહેરસભામાં કહ્યું હતું કે 'અત્યાર સુધી હું ગુમાવી બેઠો હતો પણ એક જૈન મુનિએ અક્કલ આપી.'

દેશની આઝાદી અને એકતાનું મહત્વ સમજાવતા તેઓએ કહ્યું હતું કે આપણા દેશની આઝાદીમાં આપણું સૌનું કલ્યાણ છે. આઝાદી માટે હિંદુ, મુસલમાન, શીખ વગેરે તમામ કોમોની એકતા જરૂરી છે. રાજ્યકર્તાઓએ રાજ્યમાં એવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી પ્રજાનું સુખ વધે, બેકારી ઘટે અને કોઈ અન્ન કે ઘર વગરનો ન રહે.

મહારાજ સાહેબ કોઈપણ પદવી સ્વીકારવાનો વિવેકપૂર્વક ઈન્કાર કરતાં હતા. આજ રીતે વડોદરામાં વિ.સં. ૨૦૦૮માં શાસનસમ્રાટ પદવીનો સ્વીકાર કરવાની વાતનો નમ્રતા તેમ જ મક્કમતાથી ઈન્કાર કર્યો હતો. તેઓને મન શાસન પ્રભાવના અને સમાજ ઉત્કર્ષનું કાર્ય જ સાચી પદવી અને સાચું માનપત્ર હતા. વિ. સં. ૨૦૧૦ માં મુંબઈમાં એક મોટા સમારંભમાં તેઓએ કહ્યું હતું કે : "હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ, ન હિન્દુ છું, ન મુસલમાન, હું તો વિતરાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, યાત્રાળું છું.

જે જીવન જીવી જાણે એનું મૃત્યુ મહોત્સવ બની જાય, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ.સા.નું જીવન આ સત્યના સાક્ષીરૂપ હતું.

૮૪ વર્ષની ઉંમર, સંયમ, તપ અને સેવાની સતત પ્રવૃત્તિ અને બીમાર તબીયત–ઉંમરનો ઘસારો, પ્રવૃત્તિનો ઘસારો અને બિમારીનો ઘસારો —એમ ત્રણ ઘસારાથી આચાર્યશ્રીની કાયાનો ડુંગર ડોલવા લાગ્યો હતો. ઉપચારો ચાલુ જ હતા; આ બધું છતાં આચાર્યશ્રી ચિત્તથી સ્વસ્થ અને પ્રસન્ન હતા અને સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ માટે શ્રીસંઘને પ્રેરણા આપતા જ રહેતા અને એ માટેની પોતાની ઝંખના દર્શાવતા જ રહેતા.

છેલ્લા દિવસોમાં મદ્રાસના જાણીતા ધર્મસાધક સજ્જન શ્રીયુત ઋષભદાસજી સ્વામી આચાર્ય મહારાજની પાસે રહ્યા હતા. એક દિવસે તેઓએ આચાર્ય મહારાજને પૂછ્યું, "ગુરૂદેવ, અત્યારના સંઘર્ષભર્યા સમયમાં જૈન સમાજની ઉન્નતિ કેવી રીતે થશે?"

સમાજ ઉત્કર્ષની પોતાની જીવનભરની ચિંતા અને પ્રવૃત્તિઓ એક જ સૂત્રમાં નિચોડ આપતાં હોય એમ આચાર્યશ્રીએ કહ્યું : 'સેવા, સ્વાવલંબન સંગઠન, શિક્ષણ અને જૈન સાહિત્યનું પ્રકાશન અને એનો પ્રચાર—આ પાંચ બાબતો ઉપર જ જૈન સમાજની ઉન્નતિનો આધાર છે.'

વિ.સં. ૨૦૧૦, ભાદરવા સુદિ ૧૦ ને મંગળવાર [તા. ૨૨-૯-૧૯૫૪ના રોજ] રાતના ૨-૩૨ વાગતાં, નમસ્કાર મંત્ર અને ધર્મસૂત્રોનું શ્રવણ કરતાં કરતાં આચાર્ય મહારાજનો આત્મા વધુ ઉચ્ચસ્થાનને માટે વિદાય થઈ ગયો. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી અમર બની ગયા. એક તેજસ્વી નક્ષત્રનો પ્રકાશ વિશ્વમાં વેરાઈ ગયો. ❀




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રતિક્રમણને ઓળખીએ તો પણ કયાં ?

ચંદ્રહાસ ત્રિવેદી

જૈન ધર્મની સમગ્ર સાધના પદ્ધતિનો સાર જો એક શબ્દમાં કહેવો હોય તો તે શબ્દ છે પ્રતિક્રમણ. સાધુ–સાધ્વીઓ હોય કે શ્રાવક–શ્રાવિકા હોય પણ પ્રતિક્રમણ તો તેણે રોજ કરવાનું હોય જ. એક વખત નહીં પણ બે વખત. વળી ચૌદશનું પખ્ખી–પ્રતિક્રમણ આવે અને ચોમાસી પ્રતિક્રમણ આવે અને છેલ્લે પર્યુષણમાં સંવત્સરીનું પ્રતિક્રમણ આવે. એક રીતે જોઈએ તો સમગ્ર પર્યુષણ, સંવત્સરીના એક સંપૂર્ણ ક્ષતિરહિત પ્રતિક્રમણ કરવાની પૂર્વ તૈયારી માટે હોય છે. જે ક્ષમાપનાનાં ગુણગાન કરતાં આપણે થાકતા નથી અને જેને પર્યુષણાના મહાત્મ્ય સાથે વણી લેવામાં આવી છે તે પણ વાસ્તવિકતામાં સંવત્સરીના દિવસે પ્રતિક્રમણ કરવા બેસતા પહેલાં શલ્યરહિત થવા માટે કરી લેવાની છે કે જેથી સંવત્સરીનું પ્રતિક્રમણ સરસ થઈ શકે અને શલ્યના કોઈ દુર્ભાવથી ખરડાય નહીં.

સામાન્ય શ્રાવક પ્રતિક્રમણને તેનાં સૂત્રોથી જાણે છે. પછી ભલે તે સૂત્રો સમજતો ન હોય. પ્રતિક્રમણ કરાવનાર જે–તે ક્રિયાઓ કરે કે કરાવે તે કરવાની અને વચ્ચે વચ્ચે થોડાક સૂત્રો બોલતાં રહેવાના તેનાથી વિશેષે કરીને મોટા ભાગના શ્રાવકો પ્રતિક્રમણ વિષે ઝાઝુ જાણતા નથી. કેટલાક ઉત્સાહી શ્રાવક–શ્રાવિકાઓ પ્રતિક્રમણના સૂત્રોના અર્થ શીખે છે કે જાણે છે, જે સારી વાત છે. પણ મોટાભાગના લોકોનું પ્રતિક્રમણ તો કેવળ નવકારની જાણકારી અને બહુ બહુ તો લોગસ્સની જાણકારી ઉપર નભે છે, પરંતુ જેણે સાધનાને સારી રીતે કરવી હોય તેણે પ્રતિક્રમણના હાર્દને જાણી લીધા વિના ન ચાલે.

પ્રતિક્રમણનો શબ્દાર્થ છે–પાછા ફરવું. આ શબ્દ જ જૈનધર્મ અને અન્ય ધર્મ વચ્ચેના તફાવત તરફ નિર્દેશન કરનારો છે. લગભગ બધા ધર્મો આગળ વધવામાં માને છે, કંઈક પ્રાપ્ત કરવામાં માને છે, જ્યારે જૈનધર્મ જ એક એવો ધર્મ છે કે જે એમ માને છે કે માણસે વાસ્તવિકતામાં કંઈ નવું મેળવવાનું નથી પણ પોતાનું જે છે તેને મેળવવાનું છે. જીવ માત્ર પાસે અનર્ગળ શક્તિઓ પડેલી છે પણ તે બધી કર્મથી આવૃત્ત થયેલી છે. માટે તે સંસારમાં રખડે છે. જીવાત્મા પોતાની સાથે લાગેલા વ્યર્થને–કર્મને એક વખત સંપૂર્ણતયા છોડી દે તો પછી તે પોતે ભગવાન બની શકે છે. જૈનધર્મમાં વ્યર્થને ખંખેરીને ઉઘડવાની વાત છે. વિભાવોમાંથી ખસીને સ્વભાવમાં આવવાની વાત છે અને તે માટે પ્રતિક્રમણ છે. જીવ વિભાવોમાં ખૂબ આગળ નીકળી ગયો છે, પોતાના સ્વભાવને ભૂલી ગયો છે માટે તેણે સ્વભાવમાં પાછા ફરવા માટે પ્રતિક્રમણ કરવાનું છે. આ છે પ્રતિક્રમણનો મર્મ. આવું પ્રતિક્રમણ થાય કેવી રીતે? કર્મ વિહીન અવસ્થા પ્રાપ્ત કરવા માટે કે અલ્પકર્મની સ્થિતિમાં આવવા માટે સૌ પ્રથમ કષાયોનું પ્રતિક્રમણ કરવાનું છે. ચાર પ્રમુખ કષાયો અને નવ નોકષાયો બધાનો મૂળ સ્રોત રાગ અને દ્વેષ છે અને જો તેને પણ હજુ વધારે ટૂંકાવીએ તો કેવળ રાગ છે. રાગ વિના જીવને દ્વેષ નથી થતો. જેની સાથે રાગ હોય તેને માટે જ દ્વેષ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજાણી વ્યક્તિ માટે રાગ નથી હોતો તેથી તેના માટે દ્વેષ પણ નથી હોતો. રાગ વ્યક્તિઓના હોય અને વસ્તુઓનો પણ હોય. મોહ એ રાગનો જનક છે. તેથી આત્માની ઉન્નતિનાં ચૌદ સોપાન સમાં ગુણસ્થાનકોમાં બધું આક્રમણ કેવળ મોહનીય કર્મ ઉપર જ કરવાનું હોય છે. શરૂઆતમાં દર્શન મોહનીય કર્મ અને પછીથી ચારિત્ર મોહનીય કર્મ. મોહનીયકર્મ નિર્મૂળ થતાં જીવ શિવ બની જાય છે. મોહનીય કર્મ જેટલું નિર્બળ તેટલો જીવાત્મા મુક્તિની વધારે નજીક.

પ્રતિક્રમણ એટલે કર્મમાંથી અકર્મ તરફ જવાનો માર્ગ, કષાયોમાંથી પાછા વળવાની વાત; વ્યર્થને જીવનમાંથી કાઢી નાખી–તપાવીને ખંખેરી નાખીને જીવાત્માને તેના અસલ સ્વરૂપમાં લાવવાની વાત અને આ બધું સિદ્ધ કરવા માટે પ્રાણધારાનું પ્રતિક્રમણ કરવું પડે.

આપણા શરીરમાં દસ પ્રાણધારાઓ સતત અંદરથી બહાર વહ્યા કરે છે. આ દસપ્રાણ ધારાઓને જો પાછી વાળીએ તો ઉચ્ચતમ પ્રતિક્રમણ સધાય.

એકલા જૈનધર્મમાં જ દસ પ્રાણની વાત કરવામાં આવી છે. પાંચ ઇન્દ્રિયોના પાંચ પ્રાણ, મન–વચન–કાયાના ત્રણ યોગોના ત્રણ પ્રાણ–આ આઠેય પ્રાણધારાઓ પાછી આત્મા તરફ–સ્વતરફ વળે એટલે પ્રતિક્રમણ સધાવવા માંડે.

પાંચ ઇન્દ્રિયોની પ્રાણધારા પાછી વળતાં વિષયોનો ત્યાગ છે. પાંચ સમિતિમાં તેની પ્રાથમિક ભૂમિકા છે. ત્રણ યોગોની પ્રાણધારા પાછી વાળવામાં મન–વચન અને કાયાના ત્રણ યોગોને ગોપવવાની વાત છે; જેને જૈનધર્મમાં ગુપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિને પ્રવચનમાતા કહે છે. જેમાં ગર્ભિત રીતે પ્રતિક્રમણ સમાવિષ્ટ છે. ત્યાર પછી છેલ્લે બે મહત્વની પ્રાણધારાઓ છે. શ્વાસપ્રાણ અને આયુષ્યપ્રાણ. આ બંને પ્રાણધારાઓને પાછી વાળવાનું દુષ્કર છે પણ તે અશક્ય નથી. આ એક યૌગિક પ્રક્રિયા છે. શ્વાસપ્રાણનું પ્રતિક્રમણ સંવર સાધનાર છે અને આયુષ્યપ્રાણનું પ્રતિક્રમણ ધ્યાન પ્રતિક્રમણ છે, જેના દ્વારા ચેતનાની બલવત્તર ધારા તૈજસ દેહને ભેદીને કાર્મણ શરીર સુધી પહોંચે છે અને ત્યાં પહેલા કર્મને જીર્ણશીર્ણ કરી નાખે છે અને નષ્ટ કરી નાખે છે. શ્વાસપ્રાણના પ્રતિક્રમણમાં શ્વાસ રોકવાની વાત નથી પણ શ્વાસપ્રાણના સંયમની–સંવરની વાત રહેલી છે; જ્યારે આયુષ્ય પ્રાણના પ્રતિક્રમણમાં ધ્યાનની વાત રહેલી છે. જેની ધારા એ કાર્મણ શરીર સુધી પાછા ફરવાની વાત છે. તેનાથી અનર્ગળ નિર્જરા સધાય છે. આ બંને બહુ ઉંચી ભૂમિકાની વાત છે. પણ મોક્ષ માટે કટિબદ્ધ થયેલા જીવ માટે કશું અશક્ય નથી.

આ બંને પ્રાણધારાઓ સાધકના નિયંત્રણ હેઠળ આવી જાય એટલે ભેદજ્ઞાન–હસ્તામલકવત્ થઈ જાય. પછી સાધકને સ્વયં પ્રતીતિ થઈ જાય કે શરીર અને આત્મા ભિન્ન છે. પ્રાણધારાઓ પાછી વાળતાં કષાયથી આત્માનું વિરમણ થાય, કર્મ આચ્છાદિત આત્મા ઉપરથી કર્મ ખસવા માંડે અને આત્માના ગુણોનો ઉઘાડ થવા માંડે.

સાધનાની ઉત્કૃષ્ટ અવસ્થામાં તો જીવ શિવપદની નજીક આવી જાય. શૈલેશીકરણ એ ઉત્કૃષ્ટ પ્રતિક્રમણની જ અવસ્થા છે. ભલે આપણે આવું સબળ પ્રતિક્રમણ ન કરી શકીએ પણ પ્રતિક્રમણને ઓળખીએ તો પણ ક્યાં?

*[ દિવ્યધ્વનિમાંથી સાભાર ]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૯)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## માનસરોવર પ્રદક્ષિણા

સાક્ષસતાલ અને દૂરથી કૈલાસના દર્શન કરીને આગળ જતાં માન સરોવરના કિનારે પહોંચ્યા. ૭૨૦ કી.મી.ના ક્ષેત્રફળમાં ફેલાએલા પવિત્ર માનસરોવરના નિલરંગી જલરાશિ જોઈને દિંગ થઈ ગયા. ચોમેર પ્રસરેલી નિરવ શાંતિ અને સૃષ્ટિ સૌંદર્યનું પાન કરતાં યાત્રામાં લાગેલ થાકનો બદલો મળી ગયો. પૃથ્વી ઉપર સૌથી ઉંચી જગ્યાએ આવેલું સ્વચ્છ પાણીનું આ સરોવર સમુદ્રની સપાટીથી ૧૪,૯૫૦ ફુટ ઉંચાઇએ આવેલું છે. બ્રહ્માજીએ અહિંયા યજ્ઞ કરેલો ત્યારથી આ સરોવરનું સર્જન થયું. સરોવરનો ઘેરાવો ૧૦૫ કી.મી. અને ઉંડાઈ વધારેમાં વધારે ૩૦૦ ફુટ છે. માનસરોવરના દર્શન માત્રથી જીવન ધન્ય બની જાય છે અને સ્નાન કરવાથી જીવનના પાપો ધોવાઈ જાય છે. આ સરોવર કોઈ વખત શાંત અને સ્થિર હોય છે. તો કોઈ વખત ભયંકર પવનથી પાણીની મોટી મોટી લહેરો આવે છે. જેનાથી ગર્જના થતી હોય તેમ લાગે છે.

ઝૈદી માનસરોવર ઉપર આવેલું રેસ્ટહાઉસ છે. જાણવા મળ્યું કે એક બેચ કૈલાસની પ્રદક્ષિણા કરીને આવેલ છે અને તેમાં બે ત્રણ ગુજરાતી છે. રેસ્ટહાઉસમાં ગયો તો આશ્ચર્ય વચ્ચે જોયું કે આ તો અનંતરાય અમૃતલાલ વોરાના નાનાભાઈ ચંપકલાલ છે. તેઓ કૈલાસની યાત્રા કરીને આવ્યા હતા. આવા પવિત્ર સ્થળે જૈનભાઈને મળીને ખૂબ જ આનંદ થયો. તેમની પાસેથી કૈલાસ પ્રદક્ષિણાની ભયંકરતા જાણી અને માર્ગદર્શન મેળવ્યું. ભારે હૈયે છૂટા પડ્યા. બીજું એ જાણવા મળ્યું કે ભાવનગરના મહારાજા સાહેબ કૃષ્ણકુમાર-સિંહજીએ પવિત્ર માનસરોવરની ઉંડાઈ માપવા તથા સર્વે કરવા શ્રી પ્રણવાનંદજી મહારાજને એક હોડી ભેટ આપેલ. આમ કૃષ્ણકુમારસિંહજીની ઉદારતાની એક વધુ માહિતી મળી.

અમારા ગ્રુપને માનસરોવરની પ્રદક્ષિણા કરવાની હોવાથી ઝૈદીથી બસમાં હોરા આવ્યા. બીજુ ગ્રુપ કૈલાસની પ્રદક્ષિણા માટે દારચેન ગયું. માનસરોવરના કિનારે હોરા ગેસ્ટહાઉસે પહોંચ્યા ત્યારે બપોરના બે વાગ્યા હતા. તૈયાર ચાની પડીકી સાથે જ લીધેલ હોવાથી પાણી અને દુધ ગરમ કરી ડીપટી પીધી અને નાસ્તો કર્યો. ઠંડી એટલી બધી હતી કે એક ચાઈનીઝ બેન હાથમાં રબ્બરના મોજા પહેરીને કપડા ધોતા હતા જેથી હાથને ઠંડી ન લાગે. આરામ કરીને કેમ્પ આસ-પાસ ફરવા નીકળ્યા, થોડેક દૂર બુદ્ધ ભગવાનના સ્તુપ પાસે વાતો કરતા બેઠા. સાંજે ગરમાગરમ ખીચડી ખાઈને થાક્યાપાક્યા વળી લાઈટની સગવડતા ન હોવાથી વહેલા સૂઈ ગયા. કેમ્પમાં ૭ માણસો રહી શકે તેવા ચાર ઓરડાઓ હતા જેમાં પલંગ, ઓઢવા, પાથરવાનું તૈયાર હોય છે.

સવારે ૭ વાગ્યે ડીપટી અને નાસ્તો કરીને માનસરોવરની પ્રદક્ષિણા માટે તૈયાર થઈ ગયા. નક્કી કર્યા પ્રમાણે ઘોડાવાળા આવી ગયા. ઉત્તરમાં કૈલાસ, દક્ષિણમાં માંધાતા તથા માનસરોવરને પ્રણામ કરીને આજની ૪૩ કી.મી.ની યાત્રા શરૂ કરી. ઠંડી વિશેષ હતી. મોઢામાંથી ધુમાડા નીકળતા હતા. વાતાવરણ શાંત તથા દિવ્ય હતું. દિવ્યતાનો અનુભવ શરીરનું એક એક અણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવી રહ્યું હતું. માનસરોવરની પ્રદક્ષિણામાં પર્વતો આવતા નથી. સીધા રસ્તા પર તથા સરોવરના કિનારે કિનારે કરવાની હોવાથી સહેલી છે પરંતુ થકવી નાખનારી છે. કારણ કે યાત્રા રેતી ઉપર ચાલીને કરવાની છે, આ યાત્રા અમુક ભાગ ચાલીને અને અમુક ભાગ ઘોડા ઉપર કરવાની હોય છે. ઘોડા ઉપર બેઠા પછી પગ રાખવા માટે પેંગડા હોતા નથી. પગ લટકતા રહે છે. તેથી પણ થાકી જવાય છે.

સૂર્ય જેમ જેમ ક્ષિતિજથી ઉંચો આવતો જાય છે તેમ તેમ સરોવરના પાણીના અને આકાશના રંગો ભૂરો, ગાઢભૂરો, સોનેરી, રૂપેરી વિ. રંગોમાં બદલાયા કરે છે. તે રંગોનું વર્ણન કરવું મારે માટે અશક્ય છે. જે હાજર હોય તે જ માણી શકે પણ એટલું ખરૂં કે દિવસમાં બે ત્રણ વખત આકાશ, પાણી અને વાતાવરણનો સંગમ એવો જામી જાય કે બોલ્યા વગર રહી ન શકાય કે શું કુદરતની કરામત છે. શું પ્રભુ તારી માયા! ઈશ્વરનું નામ લેતા લેતા યાત્રાની મજલ કાપી રહ્યા હતા. લગભગ દસેક વાગ્યે એકાએક ઠંડો કાતિલ પવન ફુંકાવા લાગ્યો. ચારે બાજુથી વાદળો ધસી આવ્યા અને અનરાધાર વરસાદ પડ્યો. બધું ઠંડુગાર થઈ ગયું. અડધા કલાક પછી વાદળો વીખરાઈ ગયા. સૂર્યનો તાપ લાગવા માંડ્યો કે જાણે ઉનાળાનો સમય ન હોય. આમ એક કલાકમાં ત્રણે ઋતુઓનો અનુભવ થયો. આગળ ચાલતા એક બૌદ્ધ મઠ આવ્યો. ત્યાં બધા આરામ કરવા બેઠા યાત્રીઓએ પોતાની સાથે લાવેલ ખાવાની વસ્તુઓ એકીસાથે મુકી. ૧૫ વસ્તુઓથી સમુહ ભોજન કર્યું ત્યારબાદ એક નદી તથા બે ઝરણા ઓળંગી પાંચેક વાગ્યે કયુ.ગુ. કેમ્પમાં પહોંચ્યા. થોડો આરામ કરી ચાપાણી પીયને બાજુમાં આવેલ બૌદ્ધ મઠ જોવા ગયા. બૌદ્ધ મઠ એટલે ડેલ્રીબંધ મકાન. મુખ્યદ્વારની સામે જ મંદિર અને આજુબાજુ બૌદ્ધ ભિક્ષુઓને રહેવાની જગ્યા. મંદિરમાં બૌદ્ધ ભગવાનની મૂર્તિ હતી તથા જૈન ભંડારોમાં હોય છે તેમ તાડપત્રીઓ લખેલા શાસ્ત્રો કપડામાં વિટાળીને રાખવામાં આવ્યા હતા. દર્શન કર્યા પછી કેમ્પ આવી જમીને સૂઈ ગયા.

આજે અમારે કયુ.ગુ.થી ૪૦ કી.મી.ની પ્રદક્ષિણા ઝેદી સુધી કરવાની હતી. ગઈકાલના અનુભવ ઉપરથી જોયું કે યાત્રા આરામથી થઈ શકશે. સવારથી જ ચારે બાજુ પર્વતોથી ઘેરાએલા પવિત્ર માનસરોવરના પાણી હિલોળા લેતા હતા અને સમુદ્રના મોજાની જેમ કિનારા પર આવજા કરતા હતા. આખી પ્રદક્ષિણા દરમ્યાન જેની ચાતક નજરે રાહ જોતા હતા તે રાજહંસ જોવા ન મળ્યા. રાખોડી રંગના બતકો જોવા મળ્યા. તે પાણીની સપાટી પર ઉડાઉડ કરતા હતા.

પ્રદક્ષિણાનો ત્રીજો દિવસ આરામનો હતો. યાત્રીઓ આરામથી ઉઠ્યા. તૈયાર થઈને સરોવરને કિનારે ગયા. ઠંડી તથા કાતિલ ઠંડો પવન આવતો હોવાથી તાત્કાલિક સ્નાન કરવાની હિંમત કરી નહિ. સરોવરને કિનારે બેસી કૈલાસપર્વતનું માનસરોવરમાં પડતું પ્રતિબિંબ જોતા બેસી રહ્યા. એકાદ કલાક પછી એક પછી એક યાત્રિકો સરોવરમાં સ્નાન કરવા તૈયાર થયા. પાણી એકદમ ચોખ્ખું હતું જેમાં પાણીમાં નજર કરતાં પાંચફુટે જમીન દેખાતી હતી. માછલીઓ જળવિહાર કરતી હતી. મારો વિચાર તો ફક્ત આચમન લેવાનો જ હતો પણ બે યાત્રિકો મને પરાણે કેડ સમાણા પાણી સુધી ખેંચી ગયા અને ડુબકી મરાવી. સ્નાન કરી પાપ ધોયા. જે ભર ઉનાળે ગરમ પાણીથી સ્નાન કરે તે બરફ જેવા ઠંડા પાણીથી શું થયું હશે તે તમે કલ્પના કરી શકશો. સ્નાનવિંધિ પતાવ્યા પછી અગ્નિ પ્રગટાવી હવન કર્યો. કોઈ ગાયત્રી મંત્ર બોલ્યું. કોઈ શીવસ્તોત્ર બોલ્યું. હવન પૂરો થયે

For Private And Personal Use Only

હું નમસ્કાર મહામંત્ર બોલ્યો. પછી પ્રસાદ વહેંચાયો જે અમે ઘરે લાવ્યા. પ્લાસ્ટીકના કેનમાં સરોવરનું પાણી ભર્યું. જે પાણી વર્ષો સુધી બગડતું નથી. બધા કહે કે કાકા તમો વડિલ છો તો અમોને આશીર્વાદ આપો કે ફરીથી યાત્રા કરવાનો પ્રસંગ આવે. મેં આશીર્વાદ આપ્યા પણ મને ખબર નથી કે મારા આશીર્વાદ કેટલાને ફળ્યા! (ક્રમશઃ)

યાત્રામાર્ગ → દિલ્હી ❀ કાઠમંડુ ❀ બાગેશ્વર ❀ ધારચુલા ❀ ગાલા ❀ બુદ્ધિ ❀ ગુંજી ❀ કાલાપાની ❀ લીપુપાસ ❀ તાકલાંકોટ ❀ રાક્ષસતાલ ❀ માનસરોવર ❀ હારચેન ❀ કૈલાસ ❀ અષ્ટાપદ

## ✱ બ્રિટનનો ઓ.બી.ઈ. નો ખિતાબ મેળવતા શ્રી નેમુ ચંદરયા ✱

બ્રિટનની મહારાણીના જન્મદિવસની જુદા જુદા એવોર્ડની યાદીમાં વિશ્વવ્યાપી સંસ્થા ઈન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજીના ડેપ્યુટી ચેરમેન તથા ટ્રસ્ટી શ્રી નેમુભાઈ ચંદરયાને જૈન સમાજની ઉત્કૃષ્ટ કાર્ય-સેવા માટે ઓ.બી.ઈનો ઈલ્કાબ એનાયત કરવામાં આવ્યો છે. ઓ.બી.ઈ. [ઓફિસર ઓફ બ્રિટિશ એમ્પાયર]નું સન્માન મેળવનાર નેમુભાઈ ચંદરયા બ્રિટન, ભારત અને સમગ્ર વિશ્વમાં એમના જૈન સમાજના અને માનવકલ્યાણના કાર્યોથી પ્રસિદ્ધ છે. બ્રિટનનો આવો પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રથમવાર જ જૈનસમાજની સેવા માટે આપવામાં આવ્યો છે. જે શ્રી નેમુભાઈ ચંદરયાને મળે છે. જે ગૌરવપૂર્ણ ઘટના ગણાય.

## ✱ પુસ્તક વિમોચન સમારોહ ✱

અમદાવાદ-શાહીબાગ, અભિનંદન સ્વામી શ્વે. મૂ. પૂ. જૈનસંઘ, જયપ્રેમ સોસાયટી મધ્યે પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.ની શુભનિશ્રામાં તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી રત્નવિજયજી મ.સા. દ્વારા સંકલિત પુસ્તક 'પ્રભુ સે લાગી લગન' ભાગ-૧ નું વિમોચન અતિથિવિશેષ ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહ, ભાગ-૨નું વિમોચન ચિરાગભાઈ ચંદુભાઈ કોચર તથા ભાવનગર શ્વે. મૂ. પૂ. સંઘ-મોટા દેરાસરના કન્વીનર શ્રી વિક્રમભાઈ સલોતના વરદહસ્તે કરવામાં આવેલ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ' રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)
નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❀ પર્યુષણનાં પાંચ કર્તવ્યો ❀

ડૉ. કુમારપાળ દેસાઈ

નમસ્કારમાં જેમ નવકાર મંત્ર મોટો છે, તીર્થમાં જેમ શત્રુંજય તીર્થ મહાન છે, દાનમાં અભય મહાન છે, ધ્યાનમાં શુક્લધ્યાન મહાન છે, રત્નમાં ચિંતામણિરત્ન મહાન છે એમ પર્વમાં પર્યુષણ પર્વ મહાન છે.

હજારો જીવો આકંઠ સ્નાન કરી મનચિત્ત દ્વારા આત્મા પર લાગેલા એક વર્ષના મેલને દૂર કરશે. આ મહાપર્વની આરાધનામાં પાંચ કર્તવ્ય તો કરવાં જ જોઈએ. એ વિના આખી ય આરાધના અધૂરી રહે.

(૧) અમારિ પ્રવર્તન :—જૈન ધર્મનો મર્મ અહિંસા અને અભયમાં છે, મનથી કોઈને હણીએ નહિ. વચનથી કોઈને હણીએ નહિ. કાયાથી કોઈને હણીએ નહીં. હું કોઈને ઈજા કરીશ નહિ. મને કોઈ ઈજા કરશે નહિ. આ સાચો અભય! મને જેમ સુખ પ્યારું છે, ભોજન પ્યારું છે, જ્યારે વધ અને બંધ અપ્રિય છે. એમ દરેકને પણ પ્રિય-અપ્રિય હોય છે. આ જ સાચી અહિંસા. યથાપિંડે તથા બ્રહ્માંડે એવી માનવીની ભાવના.

અભય એ સંસારની સર્વશ્રેષ્ઠ બક્ષિસ છે. અભયદાન એ મહાદાન છે. જૈન ધર્મમાં સંપૂર્ણ અહિંસામય જીવનને ઉચ્ચ આદર્શ તરીકે સ્થાપવામાં આવ્યું છે. વ્યવહારમાં આ આદર્શનું અમલીકરણ કરવા માટે જેવો પ્રયોગ જૈન પરંપરામાં થયો છે એવો બીજે ક્યાંય થયો નથી.

સંસારમાં વેરઝેરની સળગતી હોળીને અભયદાનથી દિવાળીમાં પલટાવવાનો આજે નિશ્ચય કરીએ.

(૨) સાધર્મિક વાત્સલ્ય :—સાધર્મિક એટલે અહિંસા-સત્ય-આદિ પાળનાર એ માનવી ભલે કોઈ છાપવાળો ન હોય. અહિંસા-સત્ય આચરનાર ભલે પછી તે ગમે તે સંપ્રદાયનો હોય પણ એ સાધર્મિક છે. એ સાધર્મિક તરફ વાત્સલ્ય-ભાવ-પ્રેમભાવ પ્રગટ કરવો. આ આચરણમાં એને યેનકેન પ્રકારેણ મૂકવો એનું નામ સાધર્મિક વાત્સલ્ય છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુ તરફ આ આત્મતુલ્ય દૃષ્ટિથી જોતો માનવી પોતાની નજીકના જ સાધર્મિકને કઈ રીતે ભૂલી શકે? પોતાના સાધર્મિકની બાહ્ય અને આંતરિક મુશ્કેલીઓ દૂર કરવા માટે તન, મન અને ધનથી તૈયાર રહેવું જોઈએ.

(૩) ક્ષમાપના :—મન ભારે અટપટો પદાર્થ છે. કોઈવાર ખેંચતાણ થઈ જાય, કોઈવાર અજાણે ભૂલ થઈ જાય, આવે સમયે ક્ષમા માંગી લેવાય, ક્ષમા આપી દેવાય. બસ ફેંસલો આવી ગયો.

અવેરભાવ જ્યાં હોય, ત્યાં કોણ શત્રુ રહે? પોતાના શત્રુને રજસમાન અને પારકાના ગુણને પહાડ સમાન જોનાર તેમ જ પારકાના પહાડ જેવા અવગુણને રજ સમાન જોનારો માનવી સાચો ક્ષમાપાર્થી છે.

ભગવાન મહાવીર કહે છે કે જે ઉપશમે છે ઉપશમાવે જે ખમે છે, ખમાવે છે તે જ સાચો આરાધક છે.

આત્મશુદ્ધિ અને આરાધનાનો સાચો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરવાળો છે ક્ષમાપના.

(૪) અટ્ઠમ તપ :—જૈન ધર્મમાં તપનું ખૂબ મહત્ત્વ છે. જૈન દર્શને તપના વિજ્ઞાનની ઊંડી ચકાસણી કરી છે. બાહ્ય તપના છ ભેદ અને અભ્યંતર તપના છ ભેદ એમ કુલ તપના બાર પ્રકાર બતાવ્યા છે. આમાં નાના-મોટા, સશક્ત-અશક્ત, સ્ત્રી અને પુરુષ સહુ કોઈનો સમાવેશ થાય છે. યથાશક્તિ તપનો આદેશ આપીને અતિ તપનો વિરોધ બતાવ્યો છે, મન પર કાબૂ રહે અને ચેતના જ્વલંત રહે એટલું તપ.

આ તપસ્યા એટલે એક દિવસ કે વધુ વખતની અન્નબંધી નહિ પણ એ તપ ઈન્દ્રિય શુદ્ધ અને મનશુદ્ધિ કરનાર અગ્નિનો તાપ હશે. એમાં એ તપશે. તપ્યા પછી એનું કુંદન, કથીર વિહોણું બનશે. માયા ગળશે, મદ ઓગળશે. મન નિર્મળ થશે.

(૫) ચૈત્યપરિપાટી :—ચૈત્ય એટલે જિન મંદિર. તેની પરિપાટી એટલે યાત્રા કરવી. પર્યુષણના આઠ દિવસોમાં સાંસારિક કાર્યોથી નિવૃત્તિ મેળવીને ધર્માનુષ્ઠાનમાં જોડાઈ જવું. બિમારને જેમ વૈદ્ય આરામ લેવાનું કહે છે એમ ધમાલ અને ધાંધલમાંથી નિવૃત્તિ લઈ પ્રભુદર્શન, વંદન, પૂજનમાં મન, વચન અને કાયાનો મેળ સાધીને ભાવપૂર્વક જોડાઈ જવું.

આ છે આત્મશુદ્ધિ અને જગત કલ્યાણને ચીંધતા પર્યુષણ પર્વનાં પાંચ મુખ્ય કર્તવ્ય!

મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ સુનીલભાઈ
ઘર : ૨૨૦૧૪૭૦ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯

આત્માનંદ પ્રકાશના હીરક વર્ષ નિમિત્તે
હાર્દિક શુભેચ્છાઓ સાથે

મહાગુજરાત સિલ્ક સિલેક્શન

(પરંપરામાં ૪૭ વર્ષ)

નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

એમ. જી. સિલ્વર જ્વેલર્સ

(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)

બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

શાહ મનસુખલાલ કુંવરજી
(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સં. ૨૦૫૯ના ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરુ ભગવંતો

**પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા.**
શ્રી જૈન શ્વે. દેરાસર-ઉપાશ્રય
તા. સમી, મુ. લોલાડા-૩૮૪૨૪૧
[ જિ. પાટણ-ઉ. ગુજરાત ]

**પૂ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા.**
શ્રી લાવણ્ય જૈન શ્વે. મૂ. પૂ. સંઘ
૭૭ લાવણ્ય સોસાયટી,
ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે,
વાસણા, અમદાવાદ-૭

**મુનિરાજશ્રી હિતરુચિવિજયજી મ.સા.**
શ્રી મુલુન્ડ જૈન શ્વે. મૂ.પૂ.સંઘ
ઝવેરરોડ, મુલુંડ-વે., મુબઈ-૮૦

**પૂ.આ.શ્રી વિજયરૂચકચંદ્રસૂરિજી મ. આદિ**
શ્રી જૈન શ્વે. દેરાસર-ઉપાશ્રય
[ જિ. પાટણ-ઉ.ગુ. ] મુ. પો. સમી

**પૂ. આ.શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિજી મ.આદિ**
ખીમઈ જૈન ધર્મશાળા, તલેટી રોડ,
[ સૌરાષ્ટ્ર ] પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી વિજયજયઘોષસૂરિજી મ. આદિ**
મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર-ઉપાશ્રય,
નવરોજી લેન, ઘાટકોપર-વે., મુંબઈ-૮૬

**પૂ.આ.શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ.આદિ**
શ્રી જૈન શ્વે. મંદિર-ઉપાશ્રય,
[ મહારાષ્ટ્ર ] નાસીક ૪૨૨૦૦૧

**પૂ.આ.શ્રી વિજયકુંદકુંદસૂરિજી મ. આદિ**
જૈન શ્વે. દેરાસર-ઉપાશ્રય, અંબાજી ચોક,
[જિ. ભાવનગર] બોટાદ.

**પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ. આદિ**
પ્રેમ-ભુવનભાનુસૂરિજી આરાધના ભવન,
પન્નારૂપા ધર્મશાળાની બાજુમાં, તલેટી રોડ,
[જિ. ભાવનગર] પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી જયંતસેનસૂરિજી મ.સા. આદિ**
યતીન્દ્ર ભુવન ધર્મશાળા, તલેટી રોડ,
પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી સૂર્યોદયસાગરજી મ.સા. આદિ**
જંબૂદ્વિપ જૈન પેઢી, તલેટી રોડ,
પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી પૂર્ણાનંદસૂરિજી મ.સા. આદિ**
સાંડેરાવ ભુવન ધર્મશાળા, તલેટી રોડ,
પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી અરિહંતસિદ્ધસૂરિજી મ. આદિ**
લુણાવા મંગલ ભુવન ધર્મશાળા, તલેટી રોડ,
પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ.**
**પૂ.આ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ. આદિ**
અયોધ્યાપુરમ જૈન આર્ય તીર્થ પેઢી-નવાગામઢાળ
[તા. વલ્લભીપુર-જિ. ભાવનગર-સૌરાષ્ટ્ર]

**પૂ.પં.શ્રી વજસેનવિજયજી મ.સા. આદિ**
જૈન દેરાસર-ઉપાશ્રય, ૨, ઓસવાળ કોલોની,
સુમેર ક્લબ રોડ, જામનગર-૩૬૧૦૦૫.

**પૂ.આ.શ્રી રવિપ્રભસૂરિજી મ.સા. આદિ**
મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા,
તલેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂ.આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ. આદિ**
શાસન કંટકોદ્ધારક જૈન ધર્મશાળા,
લાવણ્ય વિહારવાળો ખાંચો, તલેટી રોડ,
પાલીતાણા–૩૬૪૨૭૦

**પૂ.મુનિ શ્રી કીર્તિસેનવિજયજી મ. આદિ**
શત્રુંજય પાર્ક, તલેટી રોડ, પાલીતાણા–૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી વિજયમહિમાપ્રભસૂરિજી મ.સા.**
**ઠાણા. ૩**
શ્રી મહિમાપ્રભસૂરિ જ્ઞાનમંદિર નારાયણનગર રોડ,
શાંતિવન, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.

**પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયજયચંદ્રસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મ.સા.**
**પૂ. ગણિવર્યશ્રી નિર્મલચંદ્રવિજયજી મ.**
**પૂ. ગણિવર્યશ્રી પ્રશમચંદ્રવિજયજી ઠા. ૨૫**
શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુંદરબા ઉપાશ્રય,
અડાજણ પાટીયા, સુરત–૩૯૫૦૦૯

**પૂ.આ.શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયભદ્રસેનસૂરિજી મ. ઠા. ૯**
Shree Jain Aradhana Bhavan
351 Mint Street, CHENNAI-600079

**પૂ.આ.શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.સા.**
**પૂ.પં.શ્રી રાજહંસવિજયજી મ. ઠા. ૮**
શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વે. જૈન સંઘ
દેવકીનંદન જૈન ઉપાશ્રય, દર્પણ ચાર રસ્તા પાસે,
પલિયડનગરની બાજુમાં, નારણપુરા,
અમદાવાદ–૩૮૦૦૧૩

**પૂ.આ.શ્રી વિજયનયપ્રભસૂરિજી મ.સા.**
**પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ.સા.**
**પૂ.પં.શ્રી લબ્ધિવિજયજી મ. ઠા.૪**
શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ–ઉપાશ્રય,
ઈન્દ્રભુવન, ૧૦૧, વાલકેશ્વર રોડ, મુંબઈ–૬

**પૂ.આ.શ્રી વિજયસિંહસેનસૂરિજી મ.સા.**
**પૂ.ગણિશ્રી સુવ્રતસેનવિજયજી મ. ઠા. ૪**
મોહનવિજયજી પાઠશાળા, જી.પી.ઓ. સામે,
ચાંદીબજાર,, જામનગર–૩૬૧૦૦૧

## ભાવનગર શહેરમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરુભગવંતો

**પૂ.આ.શ્રી વિજયધર્મધ્વજસૂરિજી મ.આદિ**
ગોડીજી જૈન દેરાસર–ઉપાશ્રય,
વોરાબજાર, ભાવનગર–૩૬૪૦૦૧

**પૂ.મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ.**
**પૂ.મુનિશ્રી ચારિત્રવિજયજી મ. આદિ**
નૂતન જૈન ઉપાશ્રય, નાનાભા શેરી,
રાધનપુરી બજાર, ભાવનગર–૩૬૪૦૦૧

**પૂ.મુનિશ્રી નયશેખરસાગરજી મ.**
**પૂ.મુનિશ્રી મેઘચંદ્રસાગરજી મ.**
**પૂ.મુનિશ્રી આનંદચંદ્રસાગરજી મ. આદિ**
દાદા સાહેબ જૈન દેરાસર–ઉપાશ્રય,
કાળાનાળા, ભાવનગર–૩૬૪૦૦૧

**પૂ.પં.શ્રી સ્થૂલિભદ્રવિજયજી મ.**
**પૂ.મુનિશ્રી લબ્ધિચંદ્રવિજયજી મ. આદિ**
કૃષ્ણનગર જૈન દેરાસર–ઉપાશ્રય,
નેમિસૂરિજી માર્ગ, ભાવનગર–૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂ.મુનિશ્રી અનંતકીર્તિવિજયજી મ.**
**પૂ.મુનિશ્રી શીલમંડણવિજયજી મ. આદિ**
રૂપાણી જૈન દેરાસર-ઉપાશ્રય,
રૂપાણી સર્કલ,
ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ.પં. પ્રવરશ્રી રાજયશવિજયજી મ.આદિ**
વિદ્યાનગર જૈન દેરાસર-ઉપાશ્રય,
ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ.મુનિશ્રી જયચંદ્રવિજયજી મ.**
**પૂ.મુનિશ્રી દેવેન્દ્રવિજયજી મ. આદિ**
વડવા જૈન દેરાસર-ઉપાશ્રય,
વડવા ચોરા, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ.પં.શ્રી નરચંદ્રસાગરજી મ.**
**પૂ.મુનિશ્રી જીનેશચંદ્રસાગરજી મ. આદિ**
શાસ્ત્રીનગર જૈન દેરાસર-ઉપાશ્રય,
દેરાસર સામે, ભાવનગર-૩૬૪૦૦૩.

## જૈના કન્વેન્શનમાં કી-નોટ સ્પીકર કુમારપાળ દેસાઈનાં પ્રવચનો

અમેરિકા અને કેનેડાના ૫૭ જૈન સેન્ટરોના ફેડરેશન ''જૈના'' દ્વારા સિનસિનાટી (અમેરિકા)માં યોજાયેલા ૧૨મા વાર્ષિક કન્વેન્શનમાં કી-નોટ સ્પીકર તરીકે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને નિમંત્રણ મળ્યું હતું. તેઓએ આ કન્વેન્શનમાં ત્રણ પ્રવચનો આપ્યાં. આમાં ''ઇન્ફલ્યુઅન્સ ઑફ જૈનિઝમ ઑન મહાત્મા ગાંધી'' વિષય પર સંશોધનપૂર્ણ કી-નોટ વક્તવ્ય આપ્યું. આ ઉપરાંત ''અવર લાઈફ ઈન ધ કોન્કસ્ટ ઑફ ફાઈવ અણુવ્રત એન્ડ અનેકાન્તવાદ'' તથા જૈનધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ અષ્ટાપદ વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર કોબા દ્વારા પ્રકાશિત અને મનુભાઈ દોશીએ અંગ્રેજીમાં કરેલા વિસ્તૃત અનુવાદ સાથે તૈયાર થયેલા શ્રીમદ્ રાજચંદ્રજીની ઉત્કૃષ્ટ આધ્યાત્મિક કૃતિ ''આત્મસિદ્ધિશાસ્ત્ર''નું વિમોચન કર્યું હતું. આ કન્વેન્શનમાં અમેરિકા, કેનેડા, કેનિયા, બ્રિટન જેવા અનેક દેશોમાંથી પાંચેક હજાર પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા.

❀

જૈનધર્મની ઝાંખી તથા **Gimpses of Jainisam** નામની બે પુસ્તિકાઓ લેખક શ્રી દેવેન્દ્રભાઈ વોરા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં જૈન ધર્મની ઝાંખીને નૂતન દૃષ્ટિથી મૂલવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

❀

## પૂ.આ.શ્રી સ્થૂલીભદ્રસૂરિજી મ.સા.નો બેંગ્લોર ખાતે કાળધર્મ

અનેક વેક્રમી કાર્યના સર્જક પૂજયપાદ આ.દેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.આ.ભ. સ્થૂલીભદ્રસૂરીશ્વરજી મ.સા., બેંગ્લોર-સિદ્ધાચલ તીર્થમાં જેઠ સુદ ૧૩ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે. આ નિમિત્તે નરોડા (અમદાવાદ) ખાતે પોતાના વડીલ ગુરુબંધુને શ્રદ્ધાંજલિ અર્પવા પૂ.આ.શ્રી રાજયશસૂરિજી મ.સા.ની નિશ્રામાં ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ.

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

## નમસ્કારનો નશો

સમી સાંજે મંદિરના પ્રાંગણમાં એક નવયુવાને પ્રવેશ કર્યો, ને દેવદર્શન કરીને બહાર બેઠેલા પંડિત પાસે જઈને તે ઊભો રહ્યો.

“અરે, તેં મને નમસ્કાર પણ ના કર્યા ?” પંડિત તરત બોલી ઉઠ્યા : ‘તને ખબર નથી કે ગામના મોટા મોટા લોકો પણ મને નમસ્કાર કરે છે ?’

‘પણ તમે આટલા બધા ઉતાવળા કેમ થઈ ગયા ?’ યુવાને ઉત્તર આપ્યો : ‘હું તમારી ધીરજ, નમ્રતા, સમતા ને મહાનતાની કસોટી કરતો હતો.’

ને બે હાથ જોડી મસ્તક નમાવીને તે રવાના થયો. —*ફૂલવાડી*

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્કાર્યો સંપત્તિથી ય મૂલ્યવાન છે

સાથે આપણે અન્યના સત્કાર્યો પર નજર પણ રાખતા રહીએ. એનાથી ય સત્કાર્યોનો સરવાળો મોટો બનાવવાની પ્રેરણા મળી રહે. જેમ અન્યની અધિક સંપત્તિ નિહાળીને આપણને ય એવા સંપત્તિશાલી બનવાની ચાનક ચડે એમ!

વાંચો, આ પાર્શ્વભૂમિકામાં અન્યના સત્કાર્યની-પરોપકારવૃત્તિની આ પ્રેરક ઘટના :

એ હતો ખૂબ સામાન્ય પરિવારમાં જન્મવા છતાં તબીબી વિજ્ઞાનમાં નિષ્ણાંત બનેલ યુવાન ડૉક્ટર. નામ હતું એનું નાગ. એની વિશેષતા એ હતી કે ડૉક્ટર બનવા છતાં એ પૈસાનો નહિ, પરોપકારનો પૂજારી બન્યો હતો! એણે પોતાની આવડતને સંપત્તિ કરતાં સેવાનું સાધન વિશેષ બનાવી હતી. અને પોતાની વ્યક્તિગત જરૂરિયાત એણે ખૂબખૂબ સીમિત રાખી હતી.

એક શિયાળાની વાત. વહેલી સવારે એણે મિત્ર સાથે ચાલતાં ફરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો હતો. યથાસમયે એ મિત્રના ઘરે પહોંચી ગયો. મિત્રે જોયું કે ભયાનક ઠંડીમાં ય ડૉક્ટર ઘસાઈ ગયેલો-જીર્ણ કોટ પહેરીને આવ્યા છે. એણે ટકોર કરી : 'હવે આ કોટ બદલી નાંખ. એ ઠંડી ઝીલે એવો નથી.' ડૉક્ટરે હસતાં હસતાં કહ્યું : 'મિત્ર! મારો વ્યવસાય સંપત્તિ કરતાં સેવા રળવાનો વધુ છે. એટલે ઝાઝી કમાણીનો સવાલ જ નથી. જે આછી-પાતળી કમાણી થાય એ ખર્ચાળ તબીબી સાધનો વસાવવામાં પૂર્ણ થઈ જાય. એટલે નવા કોટનો અવકાશ ક્યાંથી હોય? અને...એથી ય મોટી વાત એ છે કે મને નવા કોટની ઝંખના જ નથી. મારી પાસે આવનાર ઘણા દર્દીઓ પાસે કોટ તો શું, સ્વેટર પણ નથી હોતા. ત્યારે મને લાગે છે કે આ કોટ પર્યાપ્ત છે. આમ પણ આ કોટ બિશિયાળા ખેંચે એવો છે....'

મિત્રને ડૉક્ટરની ભાવના સ્પર્શી ગઈ. છતાં પ્રેમના કારણે એણે ડૉક્ટર સાથે ઝાઝી ચર્ચા કર્યા વિના પોતાનો નવો કોટ બળજબરીથી ડૉક્ટરના જૂના કોટ પર પહેરાવી દીધો. ડૉક્ટર ના ના કરતો રહ્યો. પણ મિત્રની પ્રેમાળતા સામે એનું કાંઈ ચાલ્યું નહીં.

બંને ફરવા નીકળ્યા. ખૂબ ફરીને એ પાછા ફરી રહ્યા હતા ત્યાં માર્ગની ઝૂંપડીમાંથી વેદનાભર્યો ચિત્કાર એમણે સાંભળ્યો. ડૉક્ટરની પરગજુવૃત્તિ તરત સળવળી ઉઠી. એ વગર બોલાવ્યે ઝૂંપડીમાં પ્રવેશી ગયો. ત્યાં એક ગરીબ વૃદ્ધા તાવથી ધગધગતા દેહ સાથે ભાન-સાન ગુમાવીને પડી હતી. ડૉક્ટરે તરત મિત્રને પોતાની બેગ લેવા ઘરે મોકલ્યો અને પોતે ઠંડા પાણીના પોતાં કરીને વૃદ્ધાની સેવામાં લાગી ગયો. પ્રારંભિક સારવાર કરીને એણે તાવથી ધ્રૂજતી વૃદ્ધાના અંગ પર પોતાને મળેલ નવો-નકોર કોટ ઓઢાડી દીધો!! થોડી વારે વૃદ્ધાની પૌત્રી ત્યાં આવી. ડૉક્ટરને ભગવાન માનીને એ એના પગે પડી. એણે રડતાં રડતાં કહ્યું : 'હું દાદીમાની હાલતથી ગભરાઈને ડૉક્ટરને બોલાવવા જ ગઈ હતી પણ કોઈ ડૉક્ટર ફીના પૈસા મળ્યા વિના આવવા તૈયાર ન થયા. તમે ડૉક્ટર નહિ, ભગવાન છો. એટલે જ આમ આવી ગયા લાગો છો...'

એવામાં મિત્ર ડૉક્ટરની બેગ લઈને આવી ગયો. એ પછી પૂરી દિલચસ્પીથી વૃદ્ધાની સારવાર કરીને ડૉક્ટર જતાં જતાં વૃદ્ધાની પૌત્રીને કહેતો ગયો કે 'સાંજ સુધીમાં વૃદ્ધા સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે. છતાં જરૂર હોય તો મારા દવાખાને આવજે. વિના મૂલ્યે સારવાર કરી આપીશ...' બહાર નીકળ્યા બાદ મિત્રે ડૉક્ટરને ઠપકાર્યો કે સારવાર ભલે કરી પરંતુ નવોનકોર કોટ એને કેમ આપી દીધો? ડૉક્ટરે યાદ રહી જાય એવો ઉત્તર દીધો : 'ભઈલા! એ કોટની જરૂર મારા કરતાં તાવથી ઘેરાયેલા ગરીબ માજીને વધુ હતી. હું તો નિરોગી ને યુવાન છું. એટલે મને જૂનો કોટ ચાલી જાય એમ હતો. એ માજીને જૂનો કોટ કેમ અપાય? મિત્ર વંદી રહ્યો ડૉક્ટરની નિસ્વાર્થ પરોપકારપરાયણતાને...

સત્કાર્યનો સરવાળો વધારતા જવાની પ્રેરણા પ્રબળ રીતે કરી જતું આ દ્રષ્ટાંત સ્વયં સ્પષ્ટ છે. 'સત્કાર્યો સંપત્તિ કરતાં ય મૂલ્યવાન છે. માટે એને રોજે રોજ વધારતાં રહીએ.' —ગણિરાજરત્નવિજયજી

*[ ગુજરાત સમાચાર, તા. ૨૦-૯-૦૧માંથી સાભાર ]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ભદ્રબાહુસ્વામી અને પાદલિપ્તસૂરિ

—ડૉ. કુમારપાળ દેસાઈ

## શ્રી ભદ્રબાહુસ્વામી

જિનશાસનને સફળ નેતૃત્વ તેમ જ શ્રુતજ્ઞાનની અમૂલ્ય સંપત્તિ અર્પનાર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી ભગવાન મહાવીરના સાતમા પટ્ટધર હતા. યશસ્વી આચાર્ય યશોભદ્રના આ શિષ્ય ચૌદ પૂર્વોના જ્ઞાતા હતા. એમનો જન્મ વીર નિર્વાણ સંવત ૯૪માં થયો. પિસ્તાળીસ વર્ષની વયે સંયમ લીધો અને આચાર્ય સંભૂતિવિજયજી પછી વી. નિ. સં. ૧૫૬માં એને આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. ચૌદ વર્ષ સુધી જિનશાસનના યુગપ્રધાનપદને એમણે સંભાળ્યું અને શોભાવ્યું. શ્રુતકેવલી આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી વી. નિ. સં. ૧૭માં ૭૬ વર્ષની વયે કાળધર્મ પામ્યા. અર્થવાચનાની દૃષ્ટિએ આચાર્ય ભદ્રબાહુની સાથે શ્રુતકેવલીનો વિચ્છેદ થયો.

શ્રી ભદ્રબાહુસ્વામીનો જન્મ પ્રતિષ્ઠાનપુર નગરમાં થયો હતો. વરાહમિહિર અને ભદ્રબાહુ એ બંને ભાઈઓ ચાર વેદ અને ચૌદ વિદ્યામાં પારંગત હતા. શ્રુતકેવલી શ્રી યશોભદ્રસૂરિજીનો મેળાપ થતાં બંનેએ દીક્ષા લીધી, કિંતુ ચૌદ પૂર્વનું જ્ઞાન અને આચાર્યપદ અર્પણ કરવામાં ભદ્રબાહુ વિશેષ યોગ્ય લાગતાં ગુરુએ તેમને ઉત્તરાધિકારી બનાવ્યા. આથી છંછંડાયેલા વરાહમિહિરે ગુસ્સે થઈને દીક્ષા છોડી દીધી. આ સમયે રાજાને ત્યાં પુત્રજન્મનો પ્રસંગ આવતાં બાળક એક સો વર્ષનો થશે એવું વરાહમિહિરે ભવિષ્ય ભાખ્યું, જ્યારે એ જ નગરમાં રહેલા સંઘનાયક ભદ્રબાહુસ્વામી વધામણી આપવા આવ્યા નહીં, તેથી તક ઝડપીને વરાહમિહિરે રાજા અને પ્રજાના ભદ્રબાહુસ્વામીની વિરુદ્ધમાં કાન ભંભેર્યા. આ અંગે ભદ્રબાહુ-સ્વામીએ કહ્યું કે આજથી સાતમા દિવસે બાળકનું બિલાડીના કારણે અવસાન થવાનું છે, ત્યારે રાજાને સાંત્વન આપવા જઈશ. વરાહમિહિરના ભવિષ્યકથનમાં વિશ્વાસ હોવા છતાં રાજાએ તમામ બિલાડીઓ પકડી પકડીને નગર બહાર જંગલમાં હાંકી કાઢી. બાળકુમારની આસપાસ ચોકી–પહેરો ગોઠવ્યો. બન્યું એવું કે બિલાડીના મહોરાવાળો આગળો બાળકના માથા પર પડતાં બાળકનું મૃત્યું થયું. આ આઘાતજનક પ્રસંગે ભદ્રબાહુસ્વામી આશ્વાસન આપવા ગયા ત્યારે રાજાએ તેમને અદકેરું માન આપ્યું. પોતાની ચાલમાં નિષ્ફળ જતાં ક્રોધ અને દ્વેષથી ઘેરાયેલો વરાહમિહિર પછીના જન્મે વ્યંતરદેવ બન્યો અને પોતાના જ્ઞાનથી પૂર્વજન્મ જાણતાં જ જૈન સંઘ તરફ દ્વેષની આગ ભભૂકી ઊઠી. એણે શ્રીસંઘમાં મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો અને અસંખ્ય લોકો ટપોટપ મરવા લાગ્યા. શ્રીસંઘે ભદ્રબાહુસ્વામીને વિનંતી કરતાં એમણે શ્રુતજ્ઞાનથી સઘળી હકીકત જાણી અને ઉપદ્રવ ટાળવા માટે ''ઉવસગ્ગહરં સ્તોત્ર''ની રચના કરી. આ મહાન સ્તોત્રની શક્તિના પ્રભાવે વ્યંતરની શક્તિ ક્ષીણ થઈ ગઈ. 'કલ્પસૂત્ર'ના નામથી અતિ પ્રસિદ્ધ ''પર્યુષણ કલ્પસૂત્ર'ની આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ રચના કરી. એક માન્યતા અનુસાર એમણે દસ સૂત્રો પર નિર્યુક્તિ લખી. આ રીતે જિનશાસનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન પ્રભાવક આચાર્યે શાસનનો અને શ્રુતનો એમ બંનેનો અપાર મહિમા કર્યો.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર અને નિશીથ એમ ચાર છેદસૂત્રોની રચના કરી મુમુક્ષુ સાધકો પર મહાન ઉપકાર કર્યો. આચારાંગ, સૂત્રકૃતાંગ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કન્ધ, કલ્પ, વ્યવહાર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાસિત—આ દસ સૂત્રોના નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ આચાર્ય ભદ્રબાહુએ 'ભદ્રબાહુ સંહિતા' તથા સવા લાખ પદ ધરાવતું 'વસુદેવચરિત' નામનો ગ્રંથ લખ્યો અને એ જ રીતે એમણે આર્ય સ્થૂલભદ્રને પૂર્વોનું જ્ઞાન આપીને એ મહાન વારસાને નષ્ટ થતો બચાવ્યો હતો. તેઓએ સતત બાર વર્ષ સુધી મહાપ્રાણ–ધ્યાનની ઉત્કટ યોગસાધના કરવાની વિરલ ઉપલબ્ધિ મેળવી હતી. ભારતનાં વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરીને જિનશાસનનો પ્રસાર અને ઉત્કર્ષ કરનાર ભદ્રબાહુસ્વામીને શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરા પાંચમા અને અંતિમ શ્રુતકેવલી તરીકે આદરપૂર્વક સન્માને છે.

## શ્રી પાદલિપ્તસૂરિ

સાધનાના બળે સર્જાતા ચમત્કાર અને કલ્પનાના બળે રચાતી કૃતિઓનો વિરલ સંગમ જોવા મળશે આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીના જીવનમાં માત્ર આઠ વર્ષની વયે વિદ્યાધર ગચ્છના આચાર્ય નાગહસ્તિ પાસે દીક્ષા લઈને મુનિ નાગેન્દ્ર બન્યા. એકવાર મુનિ નાગેન્દ્ર ગોચરી વહોરવા ગયા હતા. ઉપાશ્રયમાં પાછા આવી ઈરિયાવહિય આલોચના કર્યા બાદ ગુરુની સમક્ષ એક શ્લોક બોલ્યા જેનો અર્થ હતો, "તાંબાના જેવા રક્ત નેત્રવાળી, પુષ્પસરખા દાંતની પંક્તિવાળી, નવી પરણેલી યુવાન સ્ત્રીએ માટીમય પાત્રમાંથી આ કાંજીનું પાણી આપ્યું."

ગુરુ મહારાજે આવું શૃંગારપૂર્ણ વર્ણન સાંભળીને શિષ્ય પર ક્રોધાયમાન થઈને કહ્યું કે "**पलितोऽसि**" અર્થાત્ "તું રાગરૂપી અગ્નિથી પ્રદીપ્ત થયેલો છે." હાજરજવાબી મુનિ નાગેન્દ્રે નમ્ર બનીને ગુરુને કહ્યું, "પલિતમાં એક માત્રા વધારીને મને પાલિત બનાવવાની કૃપા કરો." આનો અર્થ એ હતો કે મને આકાશગમન કરી શકાય તેવી પાદલિપ્ત વિદ્યાનું દાન કરો જેથી હું પાદલિપ્ત કહેવાઉં.

મુનિ નાગેન્દ્રની વિચક્ષણ બુદ્ધિ જોઈને આચાર્યે "પાદલિપ્તો ભવ" એવા આશીર્વાદ આપ્યા, ત્યારથી મુનિ નાગેન્દ્રનું નામ પાદલિપ્ત તરીકે પ્રસિદ્ધ થયું અને સાથોસાથ પગમાં લેપ કરવાથી ઊડવાની ચમત્કારિક શક્તિ પ્રાપ્ત થઈ. પોતાની આ શક્તિથી તેઓ રોજ શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, સમેતશિખર અને મથુરા આ પાંચ તીર્થોની યાત્રા કર્યા બાદ જ આહાર–પાણી ગ્રહણ કરતા હતા. એમણે જીવાજીવોત્પતિ પ્રાભૃત, વિદ્યાપ્રાભૃત, સિદ્ધ પ્રાભૃત અને નિમિત્ત પ્રાભૃત એવી અન્ય ચાર સિદ્ધ વિદ્યાઓ મેળવી હતી.

એકવાર નાગાર્જુન નામના સિદ્ધ યોગીએ પથ્થર કે લોખંડને સુવર્ણ બનાવતા કોટિવેદ રસનું પાત્ર પોતાના એક શિષ્ય સાથે મોકલાવ્યું. આચાર્ય પાદલિપ્તસૂરિએ કહ્યું કે સાધુ માટે તો સુવર્ણ અને કાંકરા બંને સમાન હોય છે. મારે આની જરૂર નથી. આથી નાગાર્જુન ગુસ્સે થયો, પરંતુ પાદલિપ્તાચાર્યે સ્પર્શ અને મૂત્રાદિથી સુવર્ણશિલા બનાવી દીધી. પરિણામે નાગાર્જુનનો ગર્વ ગળી ગયો અને એમની પાસે રહેવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાદલિપ્તાચાર્ય પાસેથી એમણે આકાશ-ગામિની વિદ્યા મેળવી. નાગાર્જુને આચાર્યશ્રીને વિનંતી કરી કે મને કંઈ કામસેવા ફરમાવો, ત્યારે પાદલિપ્તાચાર્યે કહ્યું કે "તું જીવનભર જૈન ધર્મ પાળીને આત્મકલ્યાણ સાધ."

નાગાર્જુને જીવનભર જૈન ધર્મનું યોગ્ય રીતે પાલન કર્યું. એણે શ્રી શત્રુંજય મહાતીર્થની તળેટીમાં પાદલિપ્તપુર નામનું નગર વસાવ્યું. આજે એ પાલીતાણા તરીકે ઓળખાય છે. કોઈ જૈન આચાર્યના નામ પરથી કોઈ નગરનું નામ પડ્યું હોય તેનું આ વિરલ દૃષ્ટાંત છે.


નાગાર્જુને ગિરિરાજ પર જિનમંદિર બનાવ્યું તેમાં આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીના હાથે અનેક જિનબિંબો સ્થાપ્યા. વળી આચાર્યશ્રીની મૂર્તિ પણ સ્થાપી. આચાર્યશ્રી પાદલિપ્તસૂરિએ "તરંગવતી" નામની વિશ્વના કથાસાહિત્યમાં આગવું સ્થાન ધરાવતી પ્રાકૃત મહાકાવ્યની રચના કરી.

આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીએ 'નિર્વાણ-કલિકા', 'પ્રશ્નપ્રકાશ', 'કાલજ્ઞાન', 'જ્યોતિષ કરંડક'ની ટીકા, 'તરંગલીલાકથા' અને 'વીરસ્તુતિ' જેવી કૃતિઓની રચના કરી હતી. શ્રી શત્રુંજય તીર્થ પર બત્રીસ દિવસનું અનશન કરીને આ પાદ-લિપ્તસૂરિ કાળધર્મ પામ્યા હતા. આ રીતે ઉત્કૃષ્ટ સાહિત્ય, પ્રભાવક પ્રતિબોધ અને વિસ્મયજનક સિદ્ધિઓ ધરાવતા શ્રી પાદલિપ્તસૂરિજીએ જિનશાસનની યશસ્વી સેવા કરી.

**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**


Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210



Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069



Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ ટાઈમ ટેબલ ❀

*વલસાડ, તા. ૨૦-૧-૧૯૧૨*

વિવેક દૃષ્ટિથી સર્વ કાર્યો કરવાનો અભ્યાસ પાડવો જોઈએ, કારણ ઉપયોગ રાખી તે કાર્યો કરવાથી ભૂલ થતી નથી.

જે જે કાર્યો કરવામાં આવે તે કેટલા કર્યા તે ઉપર જ લક્ષ્ય નહિ આપતા તે તે કાર્ય કેવું સુંદર કર્યું તે ઉપર જ લક્ષ્ય આપવું જોઈએ. થોડું કરવું પણ સુંદર કરવું. આવી વૃત્તિથી ઉત્તમ કાર્યો કરી શકાય છે.

જેનું ફળ ઉત્તમ હોય એવી ક્રિયાઓ કરવામાં આત્માની શક્તિઓને વાપરવી જોઈએ. જે જે કાર્યો કરવામાં આવે તેની ચારે તરફથી તપાસ કરવી જોઈએ. દરેક કાર્યોમાંથી નવો અનુભવ મેળવવો જોઈએ. ઘણાં કામ લઈને પડતાં મૂકવા કરતાં એક કામ લઈને તેને પરિપૂર્ણ કરવું એ ઘણું સારૂં છે.

નિયમસર અનુક્રમ પદ્ધતિથી કાર્ય કરવાની ટેવ પાડવાથી તે તે કાર્યો કરવામાં આત્માની શક્તિનો નિયમસર ઉપયોગ થાય છે.

શાસ્ત્રોના આધારે સાધુના આચારોને પણ નિયમ પદ્ધતિથી રચવામાં આવ્યા છે એમ દેખાય છે. આત્માની શક્તિઓને પ્રાપ્ત કરવાના વિચારો અને આચારોને પણ કાલક્રમ નિયમ પદ્ધતિથી સેવવા જોઈએ.

કાલાદિ નિયમસર કાર્ય કરનારો માણસ વખતની કિંમત આંકી શકે છે અને બીજા માણસો ઉપર તે સારો દાખલો બેસાડી શકે છે. આંગ્લ આદિ દેશોના માણસો પોતાના ટાઈમ ટેબલ પ્રમાણે સર્વે કાર્યો કરે છે તેથી તેઓ પ્રવૃત્તિ માર્ગના નેતાઓ તરીકે સર્વત્ર પુજાય છે. પહેલાં આર્યવર્તમાં પણ કાલાદિક્રમ નિયમ પદ્ધતિસર કાર્યોને કરવામાં આવતાં હતાં. હાલ કેળવણીના અભાવે કાલક્રમ વ્યવસ્થા પુરઃસર કાર્ય કરનારાઓ થોડા દેખાય છે. નિયમસર કાર્ય કરવાની પદ્ધતિ આ દેશમાં હજી જોઈએ તે પ્રમાણે આચારમાં મુકી શકાઈ નથી. જો કે તે પ્રમાણે ઘણે અંશે પ્રવૃત્તિ થાય છે તો પણ તે બરાબર તો નહિ જ. સર્વ સાધુઓ જો ટાઈમ ટેબલ પ્રમાણે નિયમિત કાર્ય કરે તો તેઓ સમયની સાફલ્યતાપૂર્વક ઘણા કાર્યો કરી શકે. જાપાન દેશની સ્ત્રીઓ પણ પોતાના ટાઈમ ટેબલ પ્રમાણે કાર્ય કરે છે અને તે દેશની જાહોજલાલી સારી રીતે થઈ છે.

**ઘણા કામ લઈને પડતાં મૂકવા કરતાં એક કામ લઈને તેને પરિપૂર્ણ કરવું એ ઘણું સારૂં છે.**

*[સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા.ની નોંધપોથીઓનું પુસ્તક 'પાથેય'માંથી સાભાર]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓગસ્ટ : ૨૦૦૩ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

भक्तेः स्नेहस्य कारुण्योपक्षयोश्चास्ति पात्रता ।
न भवेद् द्वेषपात्रं तु कोऽप्यङ्गी भुवनेऽखिले ॥

卐

ભક્તિનું પાત્ર છે, સ્નેહનું પાત્ર છે, કરુણાનું પાત્ર છે અને ઉપેક્ષાનું પાત્ર છે, પણ સમગ્ર વિશ્વમાં દ્વેષ પાત્ર કોઈ પ્રાણી હોઈ શકે નહિ. ૫૪.

卐

There is an object of devotion affection, compassion or indifference, but in the whole world there is no embodied being which may be an object of hate. 54.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬, ગાથા-૫૪, પૃષ્ઠ-૧૪૯)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only